dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 117 | AD - 2025, Maha Sud- 02 | Friday, Dt.31-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


૭૭ વીઘાં નો રીસોર્ટ
ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## ત્રણ સભ્યોની સમિતિ તપાસ કરીને રિપોર્ટ રજૂ કરશે, મૃતકોને ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે

# મહાકુંભમાં ભાગદોડ : અકસ્માતની ન્યાયિક તપાસ થશે

લખનૌ,તા.૩૦

મહાકુંભમાં ભાગદોડ થતા થયેલા અકસ્માતની ન્યાયિક તપાસનો મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે અને ત્રણ સભ્યોના ન્યાયિક તપાસ પંચની રચના કરી છે. આ કમિશનના અધ્યક્ષ ભૂતપૂર્વ ન્યાયાધીશ હર્ષ કુમાર હશે, જ્યારે ભૂતપૂર્વ ડીજી વી.કે. ગુપ્તા અને નિવૃત્ત આઈએએસ ડી.કે. સિંહને કમિશનમાં સામેલ કરવામાં આવ્યા છે. આ કમિશન સમયમર્યાદામાં પોતાનો અહેવાલ રજૂ કરશે. પોલીસ આ મામલાની પણ તપાસ કરશે અને અકસ્માત પાછળના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. એટલું જ નહીં, ગુરુવારે મુખ્ય સચિવ અને ડીજીપી પણ પ્રયાગરાજ જશે અને ઘટનાની સમીક્ષા કરશે.

આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ કહ્યું, "પ્રશાસન દ્વારા સમીક્ષા બેઠકોના અનેક રાઉન્ડ યોજવામાં આવ્યા હતા, છતાં આ અકસ્માત કેવી રીતે બન્યો ? તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે." સરકારે મૃતકોના પરિવારજનોને ૨૫ લાખની સહાયની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત, મુખ્ય સચિવ અને ડીજીપીને ગુરુવારે સ્થળની મુલાકાત લેવા અને તપાસ કરવા સૂચના આપવામાં આવી છે. તેઓ પરિસ્થિતિનો તાગ મેળવશે અને રિપોર્ટ સુપરત કરશે. બધી વ્યવસ્થા હોવા છતાં ઘટનાને કારણે, મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહ અને ડીજીપી પ્રશાંત કુમારને ગુરુવારે પ્રયાગરાજ જવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. બંને અધિકારીઓ ઘટનાના કારણોની સમીક્ષા કરશે અને મુખ્યમંત્રીને પોતાનો અહેવાલ સુપરત કરશે. આ ઘટના અંગે મુખ્યમંત્રીએ કહ્યું કે તે દુઃખદ અને હૃદયદ્રાવક છે. તે બધા પરિવારો પ્રત્યે અમારી ઊંડી સંવેદના. અમે ગઈકાલ રાતથી ન્યાયી સત્તાવાળાઓ, વહીવટીતંત્ર, પોલીસ, એનડીઆરએફ અને એસડીઆરએફ સાથે સતત સંપર્કમાં છીએ.



### મહાકુંભમાં નાસભાગ બાદ હવે ભીષણ આગ, કોઈ જાનહાનિ નહીં

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી મોટા સમાચાર સામે આવ્યા છે. મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજ મહાકુંભ મેળામાં બુધવારે (૨૯ જાન્યુઆરી) થયેલી નાસભાગ બાદ ૩૦ જાન્યુઆરીએ મેળાની બહાર બનેલા ટેન્ટ સિટીમાં ભીષણ આગ લાગી હતી. ઝૂસી છતનાગ ઘાટના નાગેશ્વર ઘાટ સેક્ટર ૨૨ પાસે આગ લાગી હતી. આ ભીષણ આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા છે. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા માટે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઝૂસીના છતનાગ ઘાટ અને નાગેશ્વર ઘાટ વચ્ચે મહાકુંભમાં સેક્ટર ૨૨ ક્ષેત્ર સ્થિત છે, જ્યાં આ ઘટના બની હતી. સદનસીબે જ્યાં આગ લાગી ત્યાં કોઈ રહેતું ન હતું. કોઈ શ્રદ્ધાળુ ટેન્ટમાં અંદર ન હતા. જો કે, આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી.

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઇ સમાધાન નહી માણસની તંદુરસ્તી સાથે
કોઇ રમત નહીં તો રાહ શેની જુઓ છો તો પધારો આજેજ અમારી ફેક્ટરી પર
100%VEG
सम्राट अशोक
100% PREMIUM QUALITY
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલુ.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઇન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
Enriched With Vitamin A&D
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઇ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

## રાજીવ કુમાર અને કેજરીવાલ વચ્ચેનો વિવાદ વકર્યો

# મુખ્ય ચૂંટણી કમિશનરે રાજકારણમાં આવી જવું જોઈએ : કેજરીવાલ

નવીદિલ્હી, તા.૩૦

યમુના જળ વિવાદ પર ગુરુવારે અરવિંદ કેજરીવાલે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર પર મોટો હુમલો કર્યો. કેજરીવાલે કહ્યું કે ચૂંટણી પંચ રાજકારણ કરી રહ્યું છે. રાજીવ કુમાર નિવૃત્તિ પદ ઈચ્છે છે. મને ખબર છે કે તેઓ મને જેલમાં ધકેલી દેશે. રાજીવ કુમાર રાજકારણ કરી રહ્યા છે. જો તે રાજકારણ કરવા માંગતા હોય તો તેણે ચૂંટણી લડવી જોઈએ. અરવિંદ કેજરીવાલે એક





પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે હરિયાણાથી પીવાનું પાણી યમુના દ્વારા દિલ્હી આવે છે. આ કાચું પાણી છે. ચાલો તેની સારવાર કરીએ. છેલ્લા કેટલાક દિવસોથી ઝેરી પાણી આવી રહ્યું છે. આમાં એમોનિયા ૭ પીપીએમ સુધી પહોંચી ગયું, જે સ્વાસ્થ્ય માટે જોખમી છે. આનાથી ઘણા અંગોને નુકસાન થઈ શકે છે. આનાથી મૃત્યુ પણ થઈ શકે છે. આ મુદ્દો થોડા દિવસ પહેલા ઉઠાવવામાં આવ્યો હતો. અમે લાચાર હતા. તેમણે ઉમેર્યું, 'એમોનિયા પહેલા પણ વધવા લાગ્યો હતો.' આતિશીએ નાયબ સૈનીને ફોન કર્યો હતો. મેં તેમને વિનંતી કરી કે એમોનિયાનું સ્તર વધી રહ્યું છે, તેને ઓછું કરો. આ જીવલેણ બની શકે છે. જો એમોનિયાનું સ્તર ૧ પીપીએમ કરતાં વધી જાય, તો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવો પડે છે. નાયબ સૈની ૩ વાર ફોન પર આવ્યા અને કંઈક કરવાનું કહ્યું. પછી તેણે આતિશીના ફોન લેવાનું બંધ કરી દીધું. જ્યારે એમોનિયાનું સ્તર ઘટીને ૭ પીપીએમ થયું, ત્યારે આતિશીએ વ્યક્ત કર્યું કે ઝેર (ઉચ્ચ એમોનિયા) યમુના દ્વારા દિલ્હી મોકલવામાં આવી રહ્યું છે. જો પાણી WTP માં જાય, તો તે ખતરનાક બની શકે છે.

ઉપલબ્ધ સારવાર
✦ ઓર્થોપેડિક & પોલીટ્રોમાં ✦ જનરલ મેડીસીન
✦ આર્થોસ્કોપીક સર્જરી ✦ ક્રિટીકલ કેર
✦ ગાયનેક - પ્રસુતિ ✦ પોઇઝન સેન્ટર
✦ યુરોલોજી સર્જરી ✦ આઇ.સી.યુ
✦ જનરલ સર્જરી ✦ એસ. આઇ. સી. યુ
✦ લેપ્રોસ્કોપીક સર્જરી ✦ ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઇમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીક્લેઇમ, GSRTC-ST માન્ય, અકસ્માત સહાય યોજના, આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ નાગરિક બેંકની બાજુમાં અમરેલી
હોસ્પિટલ 02792-222223, 99782 23000 ઇમરજન્સી 99782 93000

AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
₹330/- ₹240/-
Pizza Combo
1 All in One Pizza + 1 Cold Coco
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

## મહાકુંભમાં ભાગદોડ કેસમાં જવાબદાર સામે કાર્યવાહી કરવા સુપ્રીમમાં અરજી

નવીદિલ્હી, તા.૩૦

પ્રયાગરાજ મહાકુંભમાં ભાગદોડથી થયેલા મૃત્યુના મામલે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ અંગે સ્ટેટ્સ રિપોર્ટ અને તેના માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ એક પીઆઈએલ દાખલ કરી છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ધાર્મિક કાર્યક્રમોમાં આવી ઘટનાઓ ન બને તે માટે નક્કર વ્યવસ્થા કરવી જોઈએ. અરજીમાં માંગ કરવામાં આવી છે કે બધા રાજ્યોએ કુંભમેળા વિસ્તારમાં બિન-હિન્દી ભાષી લોકોની સુવિધા માટે સુવિધા કેન્દ્રો ખોલવા જોઈએ. અરજીમાં માંગ કરવામાં આવી છે કે આવા કાર્યક્રમોમાં વીઆઈપી અવરજવર પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને સામાન્ય માણસ માટે મહત્તમ જગ્યા રાખવી જોઈએ. અરજીમાં માંગ કરવામાં આવી છે કે મોટા ધાર્મિક કાર્યક્રમોમાં ભાગદોડ ટાળવા અને લોકોને સાચી માહિતી આપવા માટે, દેશની મુખ્ય ભાષાઓમાં ડિસ્પ્લે બોર્ડ લગાવવા જોઈએ અને રાજ્યોએ તેમના યાત્રાળુઓને મોબાઈલ, વોટ્સએપ પર માહિતી આપવી જોઈએ.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શુક્રવાર, તા. ૩૧-૦૧-૨૦૨૫

# સાવરકુંડલાના મોટા જીંજુડા અને નેસડીમાં કચરો એકત્ર કરવાના સાધનોનું ધારાસભ્ય દ્વારા લોકાર્પણ

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા વિધાનસભા મત વિસ્તારના ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા જળવાઈ રહે તેવા હેતુથી સરકારમાંથી રૂ. ૧૧.૩૫ લાખ મંજૂર કરાવીને મોટા જીંજુડા અને નેસડી ગામે સફાઈ માટે ટ્રેકટર અને ટ્રોલીનું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા કરાયું હતું. આ



લોકાર્પણ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા પ્રચાયતના પૂર્વ પ્રમુખ મનુભાઈ ડાવરા, તાલુકા પંચાયતના સદસ્ય મુકેશભાઈ મહીડા, તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન ઈલાબેન નાકરાણી, તાલુકા વિકાસ અધિકારી વાઘાણી, મોટા જીંજુડાના સરપંચ પંકજભાઈ ઉનાવા, નેસડીના સરપંચ કરશનભાઈ વઘાસીયા, તાલુકા પંચાયતના કર્મચારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીથી ધારી વાયા બાબાપુર બસ બંધ થતાં મુસાફરોને ભારે હાલાકી

**રોજીરોટી માટે આવતા લોકોને રાત્રે ઘરે પહોંચવામાં મુશ્કેલી**

બાબાપુર, તા.૩૦

અમરેલી તાલુકાના બાબાપુર, સરંભડા, ગાવડકા સહિતના ગ્રામજનો એસ.ટી. તંત્રના અણઘડ વહીવટથી મુશ્કેલીમાં મુકાયા છે. અમરેલીથી ધારી જતી બસ વાયા ગાવડકા, બાબાપુર, અને સરંભડા રૂટ પર ચાલતી હતી. ટ્રાફિક રહેતો હોવા છતાં કોઈ અગમ્ય કારણોસર આ રૂટ બંધ કરી દેવામાં આવે છે. આ બસ સાંજે ૬:૦૦ કલાકે અમરેલીથી ઉપડતી હતી જેનાં કારણે અમરેલી રોજીરોટી માટે આવતા મુસાફરોને ઘરે જવા માટે સુવિધા મળતી હતી. પરંતુ આ બસ બંધ થઈ જવાથી બાબાપુરનાં પાટીયાથી અન્ય ગામ તરફ જવા માટે રાત્રીના સમયે પગપાળા ચાલીને જવું પડે છે. આ વિસ્તારમાં સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓનો ત્રાસ હોય રાહદારીઓને ઘરે જતી વખતે પણ મોતનાં મુખમાંથી પસાર થવું પડે છે. આ ઉપરાંત અમરેલીથી સાંજે ૭:૦૦ કલાકે ઉપડતી અમરેલી-બરવાળા બસને પણ વાયા બાબાપુર ચાલુ કરાવવા ગ્રામજનોએ માંગ કરી છે. હાલમાં આ બસ બગસરા રોડ પરથી જ સીધી બરવાળા તરફ જતી રહે છે. આ બંને રૂટ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી અમરેલી તાલુકા પંચાયતનાં સામાજીક ન્યાય સમિતિના ચેરમેન પ્રવિણભાઈ ચાવડાએ એસ.ટી. તંત્રને રજૂઆત કરી છે.

# વડીયાની મોંઘીબા પ્રાથમિક શાળાના આચાર્યનું રાષ્ટ્રીય કક્ષાએ સન્માન

વડીયા, તા.૩૦

તાજેતરમાં ઝારખંડ રાજ્યના રાંચી ખાતે આવેલ જે.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજિત નેશનલ કોન્ફરન્સમાં ગુજરાત રાજ્યમાંથી માત્ર ૪ શિક્ષકોના રિસર્ચ પેપરની પસંદગી થઈ હતી. જેમા વડીયાની મોંઘીબા પ્રાથમિક શાળાના એકમાત્ર આચાર્ય લાલજીભાઈ સિંધલનો સમાવેશ થયો હતો. ૧૭થી ૧૯ જાન્યુઆરી દરમિયાન યોજાયેલ



આ સેમિનારમાં લાલજીભાઈએ 'શાળા નેતૃત્વઃ બહુવિધ ભૂમિકાઓ અને જવાબદારીઓ' થીમ અંતર્ગત સંશોધન પત્ર રજૂ કર્યું હતું.

# અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ

અમરેલી, તા.૩૦

અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહીદ દિન નિમિત્તે ૩૦ જાન્યુઆરીએ સવારે ૧૧ કલાકે રાજકમલ ચોક ખાતેના શહીદ સ્મારક પર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય હિન્દુ



પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો.ગજેરા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરી, શીતલ ઈન્ડસ્ટ્રીના દિનેશભાઈ ભુવા, અમરેલી જિલ્લા વિકાસ સમિતિના રાજેશભાઈ ગાંધી, ડી. જી. મહેતા, હરેશભાઈ સાદરાણી, આશાબેન દવે, યોગેશભાઈ ગણાત્રા, યોગેશભાઈ કોટેચા, કાશ્મીરાબેન સોની, નટુભાઈ મસોયા, વકીલ પ્રિયકાન્તભાઈ, સંજયભાઈ રામાણી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# માચીયાળા-મોણપુરના ખેડૂતો અમરેલીની નેચરલ ફાર્મિંગ કોલેજની મુલાકાતે

અમરેલી, તા.૩૦

અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગની મોટા માચીયાળા અને મોણપુરના ખેડૂતોએ બુધવારે મુલાકાત લીધી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા ૬૦ જેટલા ખેડૂતોના



ગ્રૂપને ૩ દિવસીય તાલીમ આપવાનું આયોજન કર્યું હતું. જેમાં કોલેજના ફાર્મની મુલાકાત અને વ્યાખ્યાન યોજાયેલ હતા. કોલેજના આચાર્ય ડો. સ્વપ્રિલ દેશમુખે આ યુનિવર્સિટીની કામગીરી અને પ્રાકૃતિક ખેતીની અત્યારની જરૂરિયાત વિશે માળખાકીય માહિતી આપી હતી.

# લાઠીમાં 'સંવિધાન ગૌરવ અભિયાન' અંતર્ગત પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

લાઠી, તા.૩૦

લાઠી તાલુકા ભાજપ દ્વારા આયોજિત પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠિ સંમેલનમાં ભારતીય સંવિધાનની ૭૫ વર્ષની ગૌરવશાળી યાત્રાને વધાવવા 'સંવિધાન ગૌરવ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિપુલભાઈ દુધાત દ્વારા ઉપસ્થિત કાર્યકર્તાઓને સંવિધાનના મૂલ્યો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સમગ્ર



કાર્યક્રમનું સંચાલન લાઠી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયાએ કર્યું હતું. આ સંમેલનમાં જીતુભાઈ ડેર, રાજુભાઈ ભૂતેયા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ સ્ટેમ ક્વિઝમાં સિદ્ધિ મેળવી

રાજુલા, તા.૩૦

ગુજરાત સરકાર દ્વારા આયોજિત સ્ટેમ ક્વિઝ -૩.૦ અંતર્ગત યોજાયેલ



તસવીર : ગોપાલ રાઠોડ

સ્પર્ધામાં શ્રીમતી ટી.જે.બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલની ધોરણ ૧૨ના વિદ્યાર્થિની તેજલબેન રાઠોડએ રાજુલા તાલુકામાં ૩ નંબર પર સફળતા મેળવેલ છે. ત્યારબાદ ભાવનગર કક્ષાએ પણ રાજુલા તાલુકાનું નામ રોશન કરેલ છે.

# લીલીયા મોટા ખાતે ઠાકોર સમાજની કારોબારી બેઠકનું આયોજન કરાયું

લીલીયા, તા.૩૦

લીલીયા મોટા સર્કિટ હાઉસ ખાતે ઠાકોર સમાજનું ગૌરવ ક્રિષ્ના રાજુજી ગલસાણીયાને ઠાકોર સેનાના પ્રમુખ મથુરજી ઠાકોરના અધ્યક્ષસ્થાને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવેલ હતા. સાથે ઠાકોર સેનાના પ્રમુખ મથુરજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને કારોબારી બેઠક મળી હતી. આ બેઠકમાં સાવરકુંડલા,



લાઠી, દામનગર, ધારી, અમરેલી, લીલીયા સહિતની ઠાકોર સેનાની ટીમ ઉપસ્થિત રહેલ હતી. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, રાજકીય ક્ષેત્રે સમાજ આગળ આવે સહિતના સૂચનો કરવામાં આવેલ હતા.

# વડીયાનાં તોરી-રામપુરમાં શાળાઓમાં ઉત્સાહભેર ઉજવાયો ૭૬મો રાષ્ટ્રીય દિવસ

વડીયા, તા.૩૦

વડીયા તાલુકાનાં તોરી-રામપુર ગામની બી.વી. કોણીયા પ્રાથમિક શાળામાં ૭૬મા રાષ્ટ્રીય દિવસની ઉજવણી શાળાઓમાં ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. સાથે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શાળાનાં



તસવીર : વિનુભાઈ કોટડીયા

વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તોરી આઝાદ યુવક મંડળે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આચાર્ય હીરપરાભાઈ અને વાલીઓની ઉપસ્થિતિમાં ધોરણ ૧ના તમામ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થેલી, આંક, ચોપડી અને પત્રિકાની કિટ આપવામાં આવી હતી.

# રાજુલામાં ભૂલથી બીજી સ્કૂલમાં પહોંચેલા પરીક્ષાર્થીને પોલીસે સમયસર પરીક્ષા કેન્દ્રમાં પહોંચાડ્યો

રાજુલા, તા.૩૦

રાજુલાની ટી.જે.બી.એસ. ગર્લ્સ સ્કૂલ ખાતે આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ની પ્રખરતા શોધની પરીક્ષા લેવાઈ હતી. આ દરમિયાન પોલીસ બંદોબસ્તમાં હેડ કોન્સ્ટેબલ વૈભવભાઈ સોલંકી, વિજયભાઈ કોટિલા, ભવદીપસિંહ સરવૈયા હાજર હતા. આ દરમિયાન એક પરીક્ષાર્થી રાહુલ ભાવેશભાઈ સરવૈયાનું પરીક્ષા કેન્દ્ર સેન્ટ થોમસ સ્કૂલ હતી અને તે ભૂલથી ટી.જે. બી.એસ. ગર્લ્સ સ્કૂલ પર આવેલ ત્યારે ૧૦:૪૫ જેવો સમય થયો હતો અને પરીક્ષાનો સમય ૧૧:૦૦ વાગ્યાનો હતો. તે



સ્કૂલ દૂર હોવાથી આ વિદ્યાર્થી ૧૫ મિનિટમાં પહોંચી શકે તેમ નહોતો. આજુબાજુમાં રીક્ષા પણ મળે તેવી સ્થિતિ નહોતી. આથી પરીક્ષાના કેન્દ્ર પર ફરજ બજાવી રહેલા વૈભવભાઈ સોલંકી તથા વિજયભાઈ કોટીલા બંનેએ આ વિદ્યાર્થીને મોટરસાયકલ પર બેસાડીને સેન્ટ થોમસ ખાતે સમયસર પહોંચાડીને માનવતાનું કાર્ય કરેલ છે.









# જિલ્લામાં મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિવિધ સરકારી કચેરીઓ ખાતે મૌન રાખવામાં આવ્યું

અમરેલી, તા.૩૦

સમગ્ર રાજ્યમાં પૂ. મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે પૂ.ગાંધીજી, રાષ્ટ્ર માટે શહીદી વહોરનાર મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે પૂ.ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે સવારે ૧૧.૦૦ થી ૧૧.૦૨ વાગ્યા દરમિયાન મૌન



પાળવામાં આવ્યુ હતું. જિલ્લામાં વિવિધ કચેરીઓ જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા માહિતી કચેરી, પ્રાંત, નગરપાલિકા, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી સહિત જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે અધિકારીઓ અને કર્મચારીઓએ મહાત્મા ગાંધી શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે પૂ.ગાંધીજી અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે તા.૩૦ જાન્યુઆરીએ સમગ્ર દેશમાં પૂ. મહાત્મા ગાંધી નિર્વાણ દિવસ, શહીદ દિવસે મૌન પાળવામાં આવે છે. રાષ્ટ્ર માટે શહીદી વહોરનારને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.

# અમરેલી સ્થિત બાલભવન ખાતે આજે પણ ગાંધીજીના અસ્થિઓ સચવાયેલા છે

અમરેલી, તા.૩૦

મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે ગાંધીબાપુને યાદ કરી તેમને અંજલિ આપવા સમગ્ર ગુજરાતમાં ઠેર-ઠેર મૌન પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવે છે. મહાત્મા ગાંધી ઉપરાંત સ્વાતંત્ર્ય સંગ્રામમાં શહીદ વીર-વીરાંગનાઓનું સ્મરણ કરીને સ્મરણાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી. અમરવેલી તરીકે



ઓળખાય છે તેવા ગાયકવાડી નગર અમરેલી સ્થિત બાલભવનમાં ગાંધીજીના અસ્થિઓ આજે પણ સચવાયેલા છે. આ અસ્થિઓ અમરેલીના ડૉ. હરિપ્રસાદ ભટ્ટ પૂજ્ય બાપુના દેહાંત સમયે દિલ્લી બિરલા હાઉસથી લઈ આવ્યા હતા. ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે અમરેલી બાલભવન ખાતે પૂજ્ય બાપુના અસ્થિને ફુલહાર પહેરાવવામાં આવે છે. તા.૨ ઓક્ટોબર, ૧૯૬૯ થી તા.૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ સુધી પૂજ્ય બાપુની જીવનયાત્રા પ્રેરણાત્મક રહી અને આજે પણ તેમનું જીવન અનેક માટે ગુરુમંત્ર સમાન સાબિત થયું છે.

# સા.કુંડલાના ત્રણેય પરમ શ્રધ્ધેય સંતોનું પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંત મિલન

સાવરકુંડલા, તા.૩૦

પ્રયાગરાજ કુંભમેળામાં સાવરકુંડલાના નારાયણ સાહેબ, કરશનગીરી બાપુ અને ઉષામૈયા એમ ત્રણેય સંતોનું સંત મિલન થયું હતું. એક તો



પ્રયાગરાજ વળી પાછો મહાકુંભ અને એમાં નાવલી નદીના ખમીરના સાતત્યને ધરાતલ પર ઉજાગર કરનારા સંતો કબીર ટેકરી આશ્રમના મહંત નારાયણદાસ સાહેબ, કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત પૂ કરશનગીરી બાપુ અને શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ) ના પ.પૂ. ઉષામૈયાના ત્રિવેણી સંત મિલનથી માહોલ ભક્તિમય બની ગયો હતો.

# બવાડી પ્રાથમિક શાળાના શિક્ષકના સંશોધનની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

લીલીયા, તા.૩૦

લીલીયા તાલુકાના બવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક વરુણભાઈ દવેનું સંશોધન રાષ્ટ્રીય કક્ષાએ પસંદ થયું છે. વરૂણભાઈએ અમદાવામાં યોજાયેલ ઉદ્યમોત્સવ- ૨૦૨૫માં I-hubમાં ભાગ લીધો હતો. જેમાં ૧૦,૦૦૦થી પણ વધુ નવતર પ્રયોગોમાંથી ૩૯ પ્રયોગોમાં એક Data anylysis ROBOT For Hospital રાજ્યમાં પ્રથમ આવેલ છે. દિલ્હીમાં શિક્ષણ



મંત્રાલય દ્વારા ગુજરાતમાંથી આવા બે સંશોધન પસંદ થયેલ છે. આ પ્રોજેક્ટને મોટો બનાવવા રૂ. ૨.૫ લાખનો પુરસ્કાર આપવા માટે આવેદન આપ્યું હતું.

આ સંશોધનથી મોટી હોસ્પિટલોમાં બીમારીઓથી બચાવવા માટેનો ખૂબ જ સારો પ્રયાસ થઈ શકે છે. ઈનોવેશન સેલના વડાએ જણાવેલ કે, એન્ડ્રોઈડ એપ્લિકેશન બનાવી એક શિક્ષક અને વિદ્યાર્થી દ્વારા રોબોટ અને એપ્લિકેશન બનાવવી એ ખૂબ જ સારી બાબત છે. વરૂણભાઈની આ શોધને મિત્રો-શિક્ષકોએ બિરદાવીને શુભકામનાઓ પાઠવી હતી.

# અમરેલીમાં એસ.એચ. ગજેરા અને એબીવીપીના ઉપક્રમે સેમિનાર યોજાયો



અમરેલી, તા.૩૦

અમરેલીમાં બોર્ડના પરીક્ષાર્થીઓ તથા યુવાનોના જીવન ઘડતર અને ભવિષ્ય નક્કી કરવા માટે શૈલેષ સગપરીયાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીએ હાજરી આપી હતી. યુવા છાત્ર સંવાદ કાર્યક્રમ એસ.એચ. ગજેરા અને એબીવીપીના ઉપક્રમે યોજાયો હતો. જેમાં સગપરીયાએ પ્રેરણાદાયી પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને ઉર્જાનો સંચાર કર્યો હતો.

# સાવરકુંડલાના નેસડી ગામે બેંક ઓફ બરોડા શાખામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં ૨૬ મી જાન્યુઆરીની પ્રેરણાદાયક ઉજવણી કરવા નિમિત્તે સાવરકુંડલા તાલુકાના નેસડી ગામની બેંક ઓફ બરોડા શાખાના બ્રાન્ચ મેનેજર રિતેશ ઠાકુર, સ્ટાફ કલ્પેશભાઈ ચોટલીયા, પ્રતાપભાઈ તેજોત દ્વારા સામાજિક પ્રવૃત્તિ અંતર્ગત સાવરકુંડલાના છેવાડા વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા વિચરતી વિમુક્તિ જાતિના બાળકો



નિઃશુલ્ક શિક્ષણ સહાય મેળવે છે તે બાળકો માટે સરાહનીય કામ કરતી સંસ્થા ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના બાળકોને સ્કૂલ બેગ, ફુલસ્કેપ ચોપડા તેમજ અભ્યાસને લગતી તમામ સહાય નેસડી ગામની બેન્ક ઓફ બરોડા શાખા તરફથી આપવામાં આવી હતી. તેમજ બ્રાન્ચ મેનેજર રિતેશ ઠાકુરે બાળકોને જીવનમાં ખૂબ જ પ્રગતિ કરે એવા આશીર્વાદ આપ્યા હતા.

## અવસાન નોંધ

**કોટડાપીઠા**

કલ્પનાબેન બીપીનભાઈ મહેતલીયા (ઉ.વ.૫૮) નું તા.૨૯/૦૧/૨૦૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે બીપીનભાઈના ધર્મપત્ની થાય અને કૃણાલ તેમજ ભવ્યના માતૃશ્રી થાય છે.


સંકુલ સવારની શીફ્ટ ૬:૩૦ થી ૧૨:૪૫ ને બદલે
સવારની શીફ્ટ ૭:૧૫ થી ૧૨:૪૫ વિચારણા
સંકુલ બપોરની શીફ્ટ ૧૨:૪૫ થી ૭:૦૦ ને બદલે
બપોરની શીફ્ટ ૧૨:૪૫ થી ૬:૧૫ વિચારણા
★ પૂર્વ અને વર્તમાન સ્ટાફ–સ્ટુડન્ટ્સ નાં અભિપ્રાય આવકાર્ય છે.
★ અભિપ્રાય પોઝીટીવ હશે તો – ચાલુ માસથી ફેરફાર અમલમાં આવશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 105



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૧૩/૨૦૨૫

**અરજદાર** :- (૧)શ્રી વીપુલકુમાર નટુભાઈ પાનસુરીયા
રે.શાન્તીનીકેતન, હેપીહોમ, વેસુ, સુરતસીટી-સુરત
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલા દવે
ઠે.દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા, અમરેલી મો.૯૪૨૬૭ ૧૬૪૨૫

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, લીલીયા, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોલડી ગામના રહીશ શ્રી વીપુલકુમાર નટુભાઈ પાનસુરીયા એ તેમના પોતાનો જન્મ લીલીયા મોટા મુકામે તા.૦૯/૦૯/૧૯૭૪ના રોજ થયેલ છે.જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી વીપુલકુમાર નટુભાઈ પાનસુરીયાના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૪માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯ /૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કીંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેક્ચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સાવરકુંડલા રેલવે સ્ટેશનની સ્થિતિને લઈ વીડિયો વાઈરલ થયો

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા રેલવે સ્ટેશનની સામેના પ્લેટફોર્મ પર જવા અંગેનો એક વીડિયો જાગૃત નાગરિક દ્વારા વાઈરલ કરવામાં આવ્યો હતો. આ વીડિયો લગભગ સવારના સમય આસપાસનો છે. સામેના ટ્રેક પર એક ટ્રેન ઊભી છે અને લોકો રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પરથી નીચે ઉતરી અથવા નીચે ચડીને પાટા ક્રોસ કરતા જોવા મળે છે. આમ ગણીએ તો સાવરકુંડલાના રેલવે સ્ટેશનને આધુનિક લેવલનું બનાવવાની વાત છે અને એ દિશામાં કામ ચાલુ હોય ત્યારે તંત્રનું ધ્યાન ઉપરોકત વીડિયોમાં દર્શાવેલ બાબત પર નહી ગયું હોય ? વૃધ્ધજનો, બીમાર કે બાળકો સંદર્ભે વિચાર કરીને યુધ્ધના ધોરણે પ્લેટફોર્મની સામેની બાજુએ લોકો પાટા ક્રોસ કર્યા વગર અવરજવર કરી શકે તેવો રેલવે ફૂટ બ્રીજનું કામ અધૂરૂં હોય તો કોઈ દુર્ઘટના બને એ પહેલા તાત્કાલિક અસરથી યુધ્ધના ધોરણે પૂર્ણ કરવું જોઈએ એવું બૌદ્ધિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ધારીમાં હોમ થિયેટર રિપેરીંગના પૈસા માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૩૦

ધારીમાં રહેતા એક યુવકે હોમ થિયેટર રિપેરીંગના પૈસા માંગતા ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે પ્રતાપભાઈ ભવાનભાઈ ચૌહાણએ દિનેશભાઈ બાવાજી સરગમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપી પાસેથી હોમ થિયેટરની ખરીદી કરી હતી.

જે ખરાબ થઈ જતા રિપેરીંગમાં આપ્યું હતું અને રિપેરીંગ કરી આપવાની ગેરંટી આપેલ હોવા છતાં તેમની પાસે રિપેરીંગના પૈસા માંગતા અડધા પૈસા આપવાનું કહેતા ઉશ્કેરાઈને જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ લાકડી વડે માથામાં તેમજ શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ દિનેશભાઈ ભીખારામભાઈ દેવમુરારીએ પ્રતાપભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીને હોમ થિયેટર વેચ્યું હતું. જે ખરાબ થઈ જતા રિપેરીંગમાં આપ્યું હતું. આરોપીએ તેમની દુકાને આવી હોમ થિયેટર રિપેર ન થતું હોય તો પૈસા પાછા લાવ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી ઝપાઝપી કરી હતી.

ઉપરાંત પતાવી દેવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી અને જુના વાઘણીયા ગામના યુવકના મોબાઈલ ચોરાયા

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાંથી વધુ બે લોકોના મોબાઈલ ચોરાયા હતા. અમરેલીમાં રહેતા મનનભાઈ જીતેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.૨૦)નો તેમના પેન્ટના ખિસ્સામાં રહેલો મોબાઈલ કમાણી સાયન્સ કોલેજ પાસે પડી જતાં કોઈ અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ.૩૯,૫૫૯ જાહેર થઈ હતી. બગસરાના જુના વાઘણીયા ગામના યુવકનો મોબાઈલ ચોરાયો હતો. બનાવ સંદર્ભે હિમાલયભાઈ વિજયભાઈ જેબલીયા (ઉવ.૨૪)એ જાહેર કર્યા મુજબ, જુના વાઘણીયા ગામે ગેઈટ પાસેથી તેમનો મોબાઈલ ચોરાયો હતો. જેની આશરે કિં.રૂ.૨૦૦૦૦ જાહેર થઈ હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# ૨૦૦ બહેનોને યોગ શિખવાડનાર પ્રિયંકાબેન કટોચનું કલેક્ટર દ્વારા સન્માન

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુડલામાં ૨૬ જાન્યુઆરીએ જિલ્લા કક્ષાના ૭૬મા પ્રજાસતાક પર્વની ઉજવણી થઈ હતી.

આ તકે અમરેલીની હરીવિહાર સોસાયટી યોગ પાઠશાળાના યોગ ટ્રેનર પ્રિયંકાબેન કટોચને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ યોગ ટ્રેનર તરીકે પસંદ થવા બદલ કલેકટર અજયકુમાર દહિયાના હસ્તે સન્માનપત્ર તથા રૂ. ૫,૧૦૦નો રોકડ પુરષ્કાર એનાયત કરવામાં આવેલ.

# લીલીયા તાલુકામાં વિકાસના કામોના બિલના નાણા ચૂકવવામાં થતો વિલંબ

**ખુદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખને કરવી પડી રજૂઆત**

લીલીયા, તા.૩૦

લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં થતાં વિકાસના કામો પૈકી બિલના નાણા ચૂકવવામાં ભેદભાવ થતો હોવાની ફરિયાદ ઉઠી છે. જેમાં અમુક ગામોના કામોની ફાઈલોનો નિકાલ બાંધકામ શાખા દ્વારા સત્વરે કરવામાં આવે છે. જયારે અમુક ગામોની ફાઈલ ઈરાદાપૂર્વક દબાવી રાખવામાં આવે છે. જેને લીધે બિલના ચૂકવણાં સમયસર થતાં નથી. આ માટે તાત્કાલિક જે તે અધિકારીઓને સૂચના આપવામાં આવે તે માટેની રજૂઆત તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જગદીશભાઈ દેથલીયા દ્વારા તાલુકા વિકાસ અધિકારી લીલીયાને કરવામાં આવી છે.

# અમરેલીમાં ગમાણે બાંધેલી ગીર ગાયને અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા

અમરેલી, તા.૩૦

અમરેલીમાં ગાય માતાની ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. ગમાણે બાંધેલી ગાયને કેટલાક ઈસમો કારમાં આવીને ઉઠાવી ગયા હતા. બનાવ અંગે જેસીંગપરા શેરી નં.૧ કલ્પદ્રુમની બાજુમાં રહેતા વિનુભાઈ માંગરોળીયા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, ખુલ્લા ફળીયામાં ગાયો બાંધવાની ગમાણે બાંધેલી એક લાલ કલરની ત્રણ કાન વાળી ગીર ગાયને અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા.

ગાયની કિંમત રૂ. ૬૦,૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

# સાવરકુંડલાના ભુવા ગામે મહિલા પર હુમલો

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલાના ભુવા ગામે એક મહિલા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. શાંતુબેન કેશુભાઈ વાઘેલા (ઉ.વ.૪૫) એ ગોપાલભાઈ બાઘાભાઈ વાઘેલા, બાવકુભાઈ ધનાભાઈ વાઘેલા, બાઘાભાઈ ધનાભાઈ વાઘેલા સહિત ચાર મહિલા મળી કુલ સાત લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ભુવા ગામે ખડકાળા રોડ ઉપર આવેલ રમેશભાઈ ગામેચાની દુકાનેથી અનાજ કરિયાણું ઉધારમાં લેતા હતા અને ત્યાંથી પાણી ભરવા જતા હતા. જેથી આરોપીઓને સારૂ નહી લાગતા તેનું મનદુઃખ રાખી આ કામના આરોપી ગોપાલભાઈ બાઘાભાઈ વાઘેલા તથા અન્ય આરોપીઓએ તેમની સાથે ઝગડો તકરાર કરી હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે તેમના સસરા કરમશીભાઈને ખભાના ભાગે તથા માથાના ભાગે પાઈપ મારતા પાંચ ટાંકાની ઈજા થઈ હતી. ઉપરાંત તેમના જેઠ ભુપતભાઈ તથા તેમના દીકરા દેવચંદભાઈને માર મારીને ઈજા પહોંચાડી હતી. તેમને ગાળો આપીને ઝપાઝપી કરી ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ગોપાલભાઈ બાઘાભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) એ શાંતુબેન કેશુભાઈ વાઘેલા, કેશુભાઈ કરમશીભાઈ વાઘેલા, ભુપતભાઈ કરમશીભાઈ વાઘેલા, કરમશીભાઈ જેરામભાઈ વાઘેલા તથા દેવચંદભાઈ કેશુભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ભુવા ગામે ખડકાળા રોડ ઉપર આવેલ રમેશભાઈ ગામેચાની દુકાને તેમની પાસેથી દુકાનદાર પૈસાની ઉઘરાણી કરતા હતા. જેથી આરોપી શાંતુબેન કેશુભાઈ વાઘેલાએ તેમની ઠેકડી ઉડાડતા તેમણે આમ કરવાની ના પાડતા આરોપીઓને સારું નહોતું લાગ્યું. આ વાતનું મનદુઃખ રાખી ઝઘડો કરી ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો બોલી હતી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં સીદીકી મસ્જીદ પાસેથી ૩ જુગારી ઝડપાયા

બગસરા, તા.૩૦

બગસરામાં સીદીક મસ્જીદ પાસેથી પોલીસે ત્રણ જુગારીને ઝડપી પાડ્યા હતા. શેરમહમદ ઉર્ફે ભયલો ઈસ્માઈલભાઈ જાડેજા, ઈકરામભાઈ ઈમતીયાઝભાઈ બેલીમ તથા અમીરભાઈ માનજીભાઈ પઠાણ જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપતી નામનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂ.૩૯૨૦ સાથે ઝડપાયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિત્તલ ગામે મેઈન બજારમાં દુકાન સામેથી જ બાઈક ચોરાયું

અમરેલી, તા.૩૦

અમરેલીના ચિત્તલ ગામે મેઈન બજારમાં દુકાન સામેથી જ એક યુવકનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે વાણંદકામ કરતાં વિજયભાઈ વિનોદરાય વાઘેલા (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મેઈન બજારમાં તેની હેર આર્ટની દુકાન સામેથી તેનું બાઈક કોઈ ઈસમ ચોરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૩૧-૦૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૦,
સૂર્યાસ્ત-૦૫:૫૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૩૧-૦૧-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકશો.

મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને નોકરીમાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો.

કર્ક: આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે.

તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતાને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

વૃશ્ચિક: આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે .પરંતુ વધુ ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે.

મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈપણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.

કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન: આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તકો નીકળી શકે છે.

# સાવરકુંડલામાં ગાંધીનિર્વાણદિન અને લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિની ઉજવણી

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલામાં ગાંધી નિર્વાણ દિન અને નગરના શિલ્પી પૂ. લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિ નિમિત્તે કે.કે. હાઈસ્કૂલના મેદાનમાં આવેલ લલ્લુભાઈ શેઠ સ્મૃતિ મંદિર ખાતે સવારે ૮:૩૦ કલાકે પ્રાર્થના સભા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં બંને મહાન વિભૂતિઓના જીવન અને વર્તમાન સમયમાં ગાંધીજીની પ્રસ્તુતતા વિશે ચર્ચા કરવામાં આવી હતી. કુંડલા ગ્રામ સેવા મંડળ અને લલ્લુભાઈ શેઠ પ્રેરિત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા વ્યાપક જાહેરાત કરી લોકોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. સાંજની પ્રાર્થના ખાદી કાર્યાલય ખાતે યોજવામાં આવી હતી. જોકે, શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમાં લોકોની નહીવત્ ઉપસ્થિતિ રહી. રાજકીય મિટિંગો અને ચિંતન શિબિરોમાં વિશાળ જનમેદની ઉમટતી હોવા છતાં, ગાંધીજી અને લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિ નિમિત્તે ઉપસ્થિત લોકોની ઘટતી સંખ્યા ગાંધી વિચારના પોષણ માટે ચિંતાનો વિષય બની છે.

# અમરેલીમાં નદીના કાંઠે બાવળની કાંટમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

**પોલીસ દ્વારા ૧૩૦ લીટર વોશ સહિત ૧૪,૦૦૦થી વધુનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૩૦

અમરેલીમાં પોલીસે સંઘરાજકાના કારખાના પાસે નદીના સામાકાંઠે બાવળની કાંટમાં ચાલતી બે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી હતી. પોલીસે બંને સ્થળેથી મળી ૧૩૦ લીટર વોશ સહિત ૧૪,૦૦૦થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જાફરાબાદ, દામનગર અને સાવરકુંડલામાંથી એક-એક મળી ત્રણ પીધેલા પકડાયા હતા.

# સાવરકુંડલામાં રાધે કૃષ્ણ મહિલા સત્સંગ મંડળ દ્વારા પ્રસાદનું આયોજન

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુંડલામાં સંત શ્રી ધનાબાપુના આશ્રમમાં રાધે કૃષ્ણ મહિલા સત્સંગ મંડળ દ્વારા અમાવસ્યાના દિવસે પ્રસાદ (મિષ્ટ ભોજન)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં સત્સંગી બહેનો હાજર રહ્યા હતા. આ મહિલા મંડળ દ્વારા પ્રતિવર્ષ શિવરાત્રી, જન્માષ્ટમી, રામનવમી અને તુલસી વિવાહ જેવા ભારતીય સંસ્કૃતિના તમામ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત દર એકાદશીનું પર્વ પણ ખૂબ શ્રધ્ધા અને ભક્તિસભર વાતાવરણમાં ઉજવાય છે. આ સમૂહપ્રસાદ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના અરૂણાબેન, વિમળાબેન, દક્ષાબેન, રમાબેન સહિત મહિલા મંડળની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે સંત શ્રી ધનાબાપુ આશ્રમના મહંતશ્રી પ.પૂ. રામજીબાપુએ તમામને આશીર્વાદ આપી રાજીપો વ્યક્ત કર્યો હતો.

# અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૩૦




જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે ૨૯ જાન્યુઆરીએ ૨૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. પી.જે. પ્રજાપતિએ ગત વર્ષ દરમિયાન કેન્દ્ર દ્વારા થયેલી પ્રવૃત્તિની માહિતી અને વર્તમાન વર્ષ માટેના આયોજનની વિગતો રજૂ કરી હતી.

કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકોએ પણ વિષય અનુરૂપ કામગીરી રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ, ડો. વી.પી. ચોવટીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ અને પ્રિન્સિપાલ સાયંટિસ્ટ ડો. સી.એસ. પ્રહરાજે આ કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે થતી કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓને બિરદાવીને માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં સમિતિના સભ્યો અને પ્રગતિશીલ ખેડૂતો પણ હાજર રહ્યા હતા.

**તંત્રી લેખ**

# શ્રીલંકન નેવીનો પડકાર

જ્યારે શક્તિહીન પાવરફુલ હોવાનો દેખાવ કરીને શક્તિશાળીને આંખ દેખાડવા લાગે ત્યારે માનવું કે તેની પાછળ બીજા કોઈનું પીઠબળ છે. અને આને કારણે જ બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળ જેવા ભારતના આશરે રહેલા અને ભારતનો જ ભાગ એક સમય હતા તે શ્રીલંકા અને બાંગ્લાદેશ, માલદીવ જેવા દેશો ભારતને પડકારે તે નવાઈની વાત ગણાય. શ્રીલંકાના નેવીના સૈનિકોએ ભારતના માછીમારો પર ફાયરિંગ કરી તેને પકડી જેલમાં પૂરી દીધા અને જબરો વિવાદ સર્જાયો. શ્રીલંકા એ દક્ષિણ એશિયામાં આવેલો એક સુંદર ટાપુ દેશ છે. તે ભારતની દક્ષિણે આવેલો છે અને તેની રાજધાની કોલંબો છે. શ્રીલંકાનો ઈતિહાસ ૨૫૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. અહીં અનેક રાજાઓએ શાસન કર્યું છે, જેમાંના સૌથી પ્રસિદ્ધ રાજાઓ વિજયબાહુ અને પરાક્રમબાહુ હતા. શ્રીલંકા બૌદ્ધ ધર્મનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં અનેક પ્રાચીન બૌદ્ધ મંદિરો આવેલા છે, જેમાંથી સૌથી પ્રસિદ્ધ મંદિર કેન્ડીમાં આવેલું છે. શ્રીલંકા ચા અને મસાલાના ઉત્પાદન માટે પણ જાણીતું છે. અહીંની ચા દુનિયાભરમાં વખણાય છે. શ્રીલંકા એક લોકપ્રિય પ્રવાસન સ્થળ છે. અહીંના સુંદર દરિયાકિનારા, પ્રાચીન મંદિરો અને લીલાછમ જંગલો પ્રવાસીઓને આકર્ષે છે. શ્રીલંકા એક વિવિધતાપૂર્ણ સંસ્કૃતિ ધરાવતો દેશ છે. અહીં સિંહાલી, તમિલ અને મુસ્લિમ લોકો સાથે મળીને રહે છે. અહીંનું અર્થતંત્ર મુખ્યત્વે પ્રવાસન અને કૃષિ પર આધારિત છે. આવા નાનકડા દેશો ભારતને આંખ દેખાડવા લાગે ત્યારે માનવું કે આની પાછળ ચાઈનાનું પીઠબળ છે અને એની તાકાતને આધારે જ તે ભારતના લોકોને પરેશાન કરી મૂકે છે. ગત સપ્તાહે શ્રીલંકાએ ભારતના તામિલ માછીમારો પર હુમલો કરી ભયંકર દુઃસાહસ કર્યું છે. કારણ કે તેની પાછળ ચાઈના ઉભુ છે. ગત સપ્તાહે ૧૩ જેટલા માછીમારોની શ્રીલંકન નેવી દ્વારા મોટરબોટ સાથે ધરપકડ કરવામાં આવી. ભારતના માછીમારો પર શ્રીલંકન નેવીએ ફાયરિંગ કર્યું આ ફાયરિંગમાં પાંચ માછીમાર ઘાયલ થયા છે, બે ગંભીર છે. ભારતીય હાઈ કમિશને પણ શ્રીલંકન વિદેશ મંત્રાલય સમક્ષ આ મુદ્દો ઉઠાવીને તેની સામે સખત વિરોધ નોંધાવેલો છે. ભારતના દક્ષિણ કિનારા નજીક ડેલફન નામનો ટાપુ આવેલો છે. આ ટાપુ નજીક ભારતીય માછીમારો માછલી પકડી રહ્યા હતા તે સમયે શ્રીલંકન નેવીએ ભારતીય માછીમારોને ઘેરી લઈને ફાયરિંગ કરતા ભારતીય માછીમારો ઘાયલ થયા હતા. તમામને શ્રીલંકન નેવીએ પકડી લીધા હતા. તેમનો એવા આરોપ હતો કે આ માછીમારોએ શ્રીલંકાના દરિયાઈ વિસ્તારમાં ગેરકાનૂની રીતે ઘૂસણખોરી કરી હતી આથી તેની સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. ઈજાગ્રસ્ત બે માછીમારોને શ્રીલંકાના જાફના શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આની સામે ભારતે તાત્કાલિક પગલાં લઈને શ્રીલંકાના કાર્યકારી કમિશનરને વિદેશ મંત્રાલય ખાતે રૂબરૂ બોલાવીને સખત શબ્દોમાં ઠપકો આપ્યો હતો અને વિરોધ વ્યક્ત કર્યો હતો. વિદેશ મંત્રાલયે આકરા શબ્દોમાં કહ્યું કે ભારત સરકાર હંમેશા માછીમારોની રોજીરોટીની ચિંતા રાખીને તેના પ્રશ્નો ઉપર માનવીય રીતે ધ્યાન આપે છે. નિઃશસ્ત્ર માછીમારો પર બળપ્રયોગ કરવા સામે ભારતે ગંભીર ચેતવણી આપી છે. ભારત શ્રીલંકા વચ્ચે જે સમજૂતી થઈ છે તેનો અમલ કરવો જરૂરી છે અને જો તે ન કરવામાં આવે તો તેના ગંભીર પરિણામો પણ આવી શકે છે. ભારત પાસે જબરજસ્ત નેવીની સિંહ જેવી તાકાત છે તેની સામે શ્રીલંકાનું નૌકાદળ ગલુડિયા જેવું ગણી શકાય.

# ભારતમાં ઇન્ટરનેટનો નવો યુગ "સ્ટાર લીંક" થી શરૂ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આપણા દેશમાં ઈન્ટરનેટનો એક નવો યુગ પ્રારંભ થશે. હાલ જીઓ, એરટેલ, bsnl અને વીઆઈની ઈન્ટરનેટ સેવાઓ દેશમાં ચાલી રહી છે. આ તમામ સ્વદેશી કંપનીઓ છે પરંતુ હવે વિશ્વની સૌથી મોટી સ્ટાર લીંક ઈન્ટરનેટ સેવાઓનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે. વિશ્વમાં સૌથી વધુ વ્યાપકતા ધરાવતી આ ઈન્ટરનેટ સેવા હવે ભારતમાં પણ ઉપલબ્ધ બને તે માટેની ઉજળી શક્યતાઓ ઉત્પન્ન થઈ રહી છે. આ માટે કંપનીએ ભારત સરકાર પાસે મંજૂરી પણ માગી છે. ભારત સરકારની ચોક્કસ સરતો સાથે આ મંજૂરી આપવામાં આવશે તેમ જાણવા મળે છે. એલોન મસ્તની સ્ટાર લીંકે ભારતમાં સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવા શરૂ કરવા માટે ભારત સરકારની લગભગ તમામ શરતો મંજૂર કરી લીધી છે. જેમાં અમુક શરતોમાં છૂટછાટ પણ માગી છે. જે અત્યારે વિચારાધીન છે. જેમાં ડેટા સુરક્ષા અને ડેટા સ્ટોરેજની શરતો પણ સામેલ છે. કંપનીએ તમામ યુઝર્સના ડેટા દેશની અંદર જ સ્ટોર કરવા માટે મોટું ડેટા સેન્ટર કરોડો રૂપિયાના ખર્ચે ઊભું કરવાનું પણ નક્કી કરી લીધું છે. ગુપ્તચર એજન્સીઓને ડેટા ઈન્ટરસેપ્શનની સુવિધા આપવી પડશે અને ટેલિકોમ વિભાગને પત્રમાં કેટલીક શરતોમાં છૂટની માંગ કરી છે. તે અરજી મંજૂર થયા પછી સમયસર પૂર્ણ કરવા માંગે છે. હાલ, સ્ટાર લીંકની અરજી પર ગૃહ મંત્રાલય અને સુરક્ષા એજન્સીઓ વિચારણા કરી રહી છે. જોકે હાલ દૂરસંચાર વિભાગે કોઈ પણ વિદેશી ઉપગ્રહ સેવા પૂરી પાડનારને ભારતમાં સંચાલન કરવાની પરવાનગી આપી નથી. સરકારે સ્પષ્ટ કર્યું છે કે સ્ટાર લીંક અને એમેઝોનના ક્વિપર જેવા ગ્લોબર પ્લેયર માટે કોઈ પણ નિયમમાં છૂટછાટ નહીં આપે.સ્ટાર લીંક ઈન્ટરનેટનું ભવિષ્ય કેવું છે તે અંગે આજે સૌ કોઈ વિચારી રહ્યાં છે. લોકો એ પણ વિચારે છે કે હાલ ઉપલબ્ધ ઈન્ટરનેટ સેવા કરતા તેની સેવા સર્વોત્તમ હશે તેમ લોકો માની રહ્યા છે. સ્ટાર લીંક એ સ્પેસએક્સ દ્વારા વિકસાવવામાં આવેલી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા છે, જે વિશ્વભરના લોકોને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરવાના ધ્યેય સાથે બનાવવામાં આવી છે, ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં જ્યાં પરંપરાગત ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મર્યાદિત છે અથવા અસ્તિત્વમાં નથી. સ્ટાર લીંક કેવી રીતે કામ કરે છે તે જાણવું જરૂરી છે. સ્ટાર લીંક હજારો નાના ઉપગ્રહોના નેટવર્કનો ઉપયોગ કરે છે જે પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં ફરે છે. આ ઉપગ્રહો એકબીજા સાથે અને જમીન પરના સ્ટેશનો સાથે વાતચીત કરે છે, જે વપરાશકર્તાઓને ઈન્ટરનેટ સાથે જોડાવા માટે સક્ષમ કરે છે. સ્ટાર લીંકના ફાયદા અનેક છે એમાં સૌથી પહેલા આવે છે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ: સ્ટાર લીંક પરંપરાગત સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ કરતાં નોંધપાત્ર રીતે વધુ ઝડપી ઈન્ટરનેટ ઝડપ પ્રદાન કરે છે. ઓછી વિલંબતા: સ્ટાર લીંકમાં વિલંબતા ઓછી હોય છે, જે તેને વીડિયો કોન્ફરન્સિંગ, ઓનલાઈન ગેમિંગ અને અન્ય સમય-સંવેદનશીલ એપ્લિકેશનો માટે યોગ્ય બનાવે છે. આ ઈન્ટરનેટ સેવા વ્યાપક કવરેજ માટે જગત ભરમાં જાણીતી છે. સ્ટાર લીંક વિશ્વના મોટાભાગના ભાગોમાં ઉપલબ્ધ છે, જેમાં ગ્રામીણ અને દૂરના વિસ્તારોનો સમાવેશ થાય છે. સરળ ઈન્સ્ટોલેશન: સ્ટાર લીંક ઈન્સ્ટોલ કરવું સરળ છે અને તેને વ્યાવસાયિક ઈન્સ્ટોલેશનની જરૂર નથી. આ ઈન્ટરનેટ સેવાની અમુક ખામીઓ પણ છે. સ્ટાર લીંકની ખામીઓ ઓછી છે. સ્ટાર લીંક અન્ય ઈન્ટરનેટ સેવાઓ કરતાં વધુ ખર્ચાળ છે. આ ઈન્ટરનેટ સેવા ઉપગ્રહ પર આધારિત હોવાથી સેટેલાઈટ ફ્રિકવન્સીની ડાઉન સ્પીડ ઘણી વખત ઘટતી હોવાથી અમુક સમયે ઈન્ટરનેટની સ્પીડ ધીમી થઈ શકે છે પરંતુ આ કોઈ ગંભીર સમસ્યા નથી. ઈન્ટરનેટની અંદર દરેક કંપનીઓમાં આ રીતે સર્વર ડાઉન થતા નેટની સ્પીડ ઘટતી હોય છે બીજો મોટો ગેરફાયદો મર્યાદિત ઉપલબ્ધતાનો છે. સ્ટાર લીંક હાલમાં જે દેશમાં ચાલુ છે ત્યાં કેટલાક વિસ્તારોમાં ઉપલબ્ધ નથી. આ ઈન્ટરનેટની ફ્રિકવન્સી સૂર્ય કલંકમાંથી છૂટી પડતી ઉર્જાથી પ્રભાવિત થાય છે આથી તેની ગતિ ધીમી પડી શકે છે. આ ઉપરાંત હવામાન પર તેનો આધાર છે. આ સ્ટાર લીંકનું પ્રદર્શન હવામાન પરિસ્થિતિઓથી પ્રભાવિત થઈ શકે છે. સ્ટાર લીંકનું ભવિષ્ય આપણા દેશમાં કેવું છે તે જાણવું પણ જરૂરી છે. સ્ટાર લીંક એ એક આશાસ્પદ ટેકનોલોજી છે જેમાં વિશ્વભરના લોકોને ઈન્ટરનેટનું ઍક્સેસ પ્રદાન કરવાની ક્ષમતા છે. જેમ જેમ ટેકનોલોજીમાં સુધારો થશે તેમ, સ્ટાર લીંક વધુ સસ્તું અને વધુ સુલભ બનવાની સંભાવના છે. સ્ટાર લીંક એ ઈન્ટરનેટનું ઉજળું ભવિષ્ય હોઈ શકે છે. તે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે એક આશાસ્પદ ઉકેલ છે જેમની પાસે પરંપરાગત ઈન્ટરનેટ સેવાઓની ઍક્સેસ નથી. જો કે, સ્ટાર લીંક હજુ પણ એક નવી ટેકનોલોજી છે અને તેની કેટલીક ખામીઓ છે. તેમ છતાં, સ્ટાર લીંક ભવિષ્યમાં ઈન્ટરનેટની દુનિયામાં ક્રાંતિ લાવી શકે છે. સ્ટાર લીંક એ એક નવી ટેકનોલોજી છે, અને તેની કેટલીક મર્યાદાઓ અને ગેરફાયદાઓ છે. અહીં કેટલાક મુખ્ય ગેરફાયદાઓ જણાવ્યા છે. સ્ટાર લીંકની સેવા અન્ય ઈન્ટરનેટ સેવાઓ કરતાં મોંઘી છે. તેની માસિક ફી અને ઈન્સ્ટોલેશન ખર્ચ વધારે છે. ઈન્ટરનેટ સેવાના પ્રારંભે મર્યાદિત ઉપલબ્ધતા હશે. સ્ટાર લીંક હજુ પણ વિકાસના તબક્કામાં છે, અને તે વિશ્વના તમામ ભાગોમાં ઉપલબ્ધ નથી. ખાસ કરીને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તેની ઉપલબ્ધતા ઓછી હોઈ શકે છે. સ્ટાર લીંકનું પ્રદર્શન હવામાન પર આધારિત છે. ભારે વરસાદ અથવા વાદળોના કારણે સિગ્નલ નબળા પડી શકે છે, જેનાથી ઈન્ટરનેટની ઝડપ ઘટી શકે છે અથવા કનેક્શન તૂટી શકે છે. આ સેવાઓનો ઉપયોગ કરવા માટે ખાસ પ્રકારના ઉપકરણોની જરૂરિયાત ઊભી થશે. સ્ટાર લીંકનો ઉપયોગ કરવા માટે તમારે વિશિષ્ટ ઉપકરણોની જરૂર પડશે, જેમાં એક એન્ટેના અને રાઉટરનો સમાવેશ થાય છે. આ ઉપકરણો પણ મોંઘા હોઈ શકે છે. ડેટા મર્યાદાઓ પણ છે. કેટલાક સ્ટાર લીંક પ્લાન્સમાં ડેટા મર્યાદાઓ હોઈ શકે છે, જેનો અર્થ છે કે જો તમે ચોક્કસ મર્યાદાથી વધુ ડેટાનો ઉપયોગ કરો છો, તો તમારે વધુ ફી ચૂકવવી પડશે અથવા તમારી ગતિ ઘટાડી દેવામાં આવશે. સેવામા સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. સ્ટાર લીંક એક નવી સેવા હોવાથી, તેમાં સેવા સંબંધિત સમસ્યાઓ આવી શકે છે, જેમ કે કનેક્શનમાં સમસ્યાઓ અથવા તકનીકી ખામીઓ. જેમાં ડાઉનલોડ કરનારી ડીસનું સેટિંગ પણ મહત્વનું છે જેને સેટ કરવા માટે આધુનિક પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવશે અને તે મોંઘુ પણ પડી શકે છે આ ગેરફાયદાઓ હોવા છતાં, સ્ટાર લીંક હજુ પણ ઘણા લોકો માટે એક આકર્ષક વિકલ્પ છે, ખાસ કરીને એવા લોકો માટે જેઓ ગ્રામીણ અથવા દૂરસ્થ વિસ્તારોમાં રહે છે જ્યાં અન્ય ઈન્ટરનેટ સેવાઓ ઉપલબ્ધ નથી. જો કે, સ્ટાર લીંક પસંદ કરતા પહેલા તેના ફાયદા અને ગેરફાયદા બંનેને ધ્યાનમાં લેવા મહત્વપૂર્ણ છે. સ્ટાર લીંક એ એલોન મસ્કની સ્પેસએક્સ કંપની દ્વારા ચલાવવામાં આવતી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા છે. તે વિશ્વભરના દૂરના વિસ્તારોમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરે છે. સ્ટાર લીંકનું કનેક્શન કેવી રીતે કરવું તે જાણવું જરૂરી છે. આ માટે સૌથી પહેલા તમારે સ્ટાર લીંક કિટ ખરીદવી પડશે. તમે તેને સ્ટાર લીંકની વેબસાઈટ પરથી ઓર્ડર કરી શકો છો. કિટમાં એક સેટેલાઈટ ડીશ, એક રાઉટર અને જરૂરી કેબલ્સ સામેલ છે. એક સ્થાન પસંદ કરો. એ તમારું રૂફટોપ અથવા અગાશી હોઈ શકે જ્યાં ડીશને ફિટ કરવામાં આવશે. તમારે તમારી ડીશ માટે એક સ્થાન પસંદ કરવાની જરૂર પડશે જ્યાં આકાશ સ્પષ્ટ દેખાતું હોય. ડીશને એવી જગ્યાએ લગાવવી જોઈએ જ્યાં કોઈ અવરોધ ન હોય, જેમ કે વૃક્ષો અથવા ઈમારતો. આ બધી વસ્તુ સેટેલાઈટના સિગ્નલને અવરોધે છે. ટેકનિશિયને પસંદ કરેલ સ્થાને ડીશ ઈન્સ્ટોલ કરવામાં આવશે. ડીશ ઈન્સ્ટોલ કરવા માટે, તમારે તેને દિવાલ અથવા છત પર માઉન્ટ કરવાની જરૂર પડશે. કિટમાં ઈન્સ્ટોલેશન સૂચનાઓ સામેલ છે જે તમને આ પ્રક્રિયામાં મદદ કરશે. ત્યારબાદ રાઉટર ઈન્સ્ટોલ કરવુ પડશે. રાઉટરને ઈન્સ્ટોલ કરવા માટે, તમારે તેને પાવર આઉટલેટમાં પ્લગ કરવાની જરૂર પડશે અને તેને ડીશ સાથે કેબલથી કનેક્ટ કરવાની જરૂર પડશે. આટલું કર્યા પછી સ્ટાર લીંક એપ્લિકેશન ડાઉનલોડ કરો. સ્ટાર લીંક એપ્લિકેશન તમને તમારા કનેક્શનને સેટ કરવામાં અને તેનું સંચાલન કરવામાં મદદ કરશે. તમે તેને એપ સ્ટોર અથવા ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકો છો. એપ્લિકેશનનો ઉપયોગ કરીને કનેક્શન સેટ કરો એકવાર તમે એપ્લિકેશન ડાઉનલોડ કરી લો, પછી તમે તેનો ઉપયોગ તમારા કનેક્શનને સેટ કરવા માટે કરી શકો છો. એપ્લિકેશન તમને ડીશને યોગ્ય દિશામાં ગોઠવવામાં અને તમારા રાઉટરને કનેક્ટ કરવામાં મદદ કરશે. આ કરવાથી તમારા કોમ્પ્યુટરમાં લેપટોપમાં અને ફોનમાં ઈન્ટરનેટ શરૂ થઈ જશે.

## શબ્દ સંજોગ-૧૯૪૨



**આડી ચાવી :**
(૧) ધરાયાપણું, સંતોષ(૨)
(૨) આલિંગન, ભેટવું તે (૨)
(૪) ....મે હી બલ હૈ (૩)
(૬) એક દ્વીપ સમૂહ(૪)
(૮) અહિંસા, સત્ય (૨)
(૧૦) સીતાજીના પિતા (૩)
(૧૧) પ્રીતિ, આનંદ (૨)
(૧૩) પિતાના પિતા (૨)
(૧૪) ખોળ, તપાસ (૨)
(૧૬) આશક, જાર (૨)
(૧૭) પવન, વાયુ (૨)
(૧૯) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૧) એકદમ મારેલી ઝૂંટ (૩)
(૨૩) ભગવાન મહાવીરનું મૂળ નામ(૪)
(૨૫) ચાર યુગમાંનો પ્રથમ (૪)
(૨૮) દોજખ (૩)
(૩૦) ધાતુનો નકકર સળિયો (૨)
(૩૧) મરાઠી બ્રાહ્મણમાં એક અટક (૨)
(૩૨) શાળામાં ભણાવાતો એક વિષય (૩)

**ઉભી ચાવી :**
(૧) ત્રીજુ (૩)
(૨) શુમાર, આશરો (૩)
(૩) કામઠું, ધનુષ (૩)
(૫) ખામી, કસૂર (૩)
(૭) જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૯) આધાર, ભરોસો (૩)
(૧૨) ટીલું, ટિળક (આ-અ) (૩)
(૧૫) ધીરજ (૪)
(૧૮).... કરો થોડી, કામ કરો દોડી (૨)
(૨૦) અનામત (૪)
(૨૨) બબ્બેની જોડીમાં રમાતો નૃત્ય પ્રકાર (૨)
(૨૪) ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૨)
(૨૬) જમાનો (૨)
(૨૭) પહોર પહોરને આંતરે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે (૩)
(૨૯) કવિતા કરનાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૪૧ જવાબ

**આડી ચાવી :** (૧)કરમસદ (૪) વજન (૬) મદદ (૭) રમલ (૯) નજર (૧૧) હેં (૧૨) શ્રી (૧૩) કાનન (૧૫) કે (૧૬) વરૂણ (૧૭) જખ (૧૮) હરખ (૧૯) કસ્તર (૨૧) કામદા (૨૩) હાશમી (૨૪) નહેરું (૨૬) હા (૨૭) કલરવ.

**ઉભી ચાવી :** (૧) કસર (૨) મજલ (૩) દમન (૪) વદન (૫) નજર (૮) મદન (૧૦) જમરૂખ (૧૩) કાર્તિક (૧૪) નજર (૧૬) વરદાન (૧૮) હમ (૨૦) સ્તર (૨૧) કાશ્મીર (૨૨) વરૂ (૨૩) હાલ (૨૫) હેમ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૬૦૮ | ૬૪૪ |
| જુવાર સફેદ | ૮૭૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૨૧ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| મગ | ૧૦૫૦ | ૧૯૬૭ |
| વાલ દેશી | ૧૦૧૫ | ૧૨૪૦ |
| ચોળી | ૧૩૫૦ | ૨૫૧૫ |
| મઠ | ૯૧૦ | ૧૩૩૬ |
| કળથી | ૮૫૦ | ૧૦૩૫ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૯૮ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૮૦ |
| તલી | ૧૭૦૦ | ૨૨૦૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૨૫ |
| અજમો | ૧૧૨૦ | ૨૩૮૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૪૦૦૦ | ૫૮૦૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૩૦૦ |
| ધાણી | ૧૧૬૮ | ૧૪૭૦ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૩૬૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૧૪૧ |
| રાય | ૧૧૨૫ | ૧૩૨૪ |
| મેથી | ૯૮૦ | ૧૦૬૦ |
| રાયડો | ૮૦૦ | ૧૦૭૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૦૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૦૫ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૧૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૩૦ | ૪૧૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૨૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| વટાણા | ૪૫૦ | ૬૫૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૫૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૭૦૦ |
| ચણા લીલા | ૧૩૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૧૦ | ૩૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૯૦ |
| શિંગ ૬૬ નંબર | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ગિરનારી શીંગ | ૧૧૩૦ | ૧૨૩૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૮૭ |
| શિંગદાણા ફાડા | ૯૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૭૬૫ | ૨૨૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૫૪૩૦ |
| બાજરો | ૪૦૩ | ૬૩૫ |
| જુવાર | ૯૪૬ | ૧૧૭૦ |
| ઘઉં ટુકડા | ૫૬૪ | ૭૧૨ |
| ઘઉં લોકવન | ૫૫૮ | ૬૮૭ |
| અડદ | ૧૨૩૦ | ૧૪૭૨ |
| ચણા | ૮૮૫ | ૧૧૧૨ |
| ચોળી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| તુવેર | ૧૧૭૨ | ૧૪૪૫ |
| કપાસ | ૯૨૬ | ૧૪૭૯ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૩૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૯૫ |
| ધાણા | ૯૭૫ | ૧૩૪૫ |
| ધાણી | ૧૪૯૦ | ૧૭૫૫ |
| અજમા | ૧૪૯૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૫૭૦ | ૮૦૬ |
| મરચા લાંબા | ૫૯૦ | ૪૦૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૩૦ |
| રીંગણાં | ૩૫૦ | ૪૫૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૬૦ | ૨૧૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૮૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૨૦ |
| મુળા | ૧૨૦ | ૧૮૦ |
| કાકડી | ૩૨૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૨૫૦ |
| વાલોળ | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૫૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૪૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૯૦૦ |
| ચણાં લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૫૦ |
| આદુ | ૬૫૦ | ૭૪૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૪૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૪૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૨૦ | ૪૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૫૦ |
| સરગવો | ૬૫૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૫૦ | ૩૭૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૪૪૦ |
| લસણ લીલુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૨૨૦ | ૩૪૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૬૧ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૭૬ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૦૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૨૭૧ |
| જીરૂ | ૩૩૩૧ | ૪૧૫૧ |
| કલંજી | ૧૭૦૧ | ૩૪૪૧ |
| વરીયાળી | ૧૨૭૧ | ૧૨૭૧ |
| ધાણા | ૯૦૦ | ૧૫૮૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૫૧ |
| મઠ | ૯૭૬ | ૯૭૬ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૩૧ |
| રાયડો | ૯૧૧ | ૯૧૧ |
| મેથી | ૭૭૧ | ૧૦૫૧ |
| કાંગ | ૫૫૧ | ૯૪૧ |
| ગુવાર બી | ૬૦૦ | ૬૦૦ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૩૧ |
| નવી ધાણી | ૧૮૫૧ | ૨૩૨૬ |
| નવું જીરૂ | ૪૩૦૧ | ૪૩૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૨૬ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૩૫૧ |
| ઇસબગુલ | ૧૪૦૧ | ૧૬૯૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૭૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૪૬ |
| બાજરો | ૩૪૧ | ૫૧૧ |
| જુવાર | ૪૨૧ | ૯૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૮૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| વાલ | ૬૦૧ | ૧૧૭૬ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૨૫૫૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૦૬ |
| ગોગળી | ૬૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૧૫ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૦૦૬ |
| કપાસ | ૧૩૨૨ | ૧૪૭૫ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૬૬૦ | ૬૯૦ |
| જુવાર | ૪૨૦ | ૯૩૦ |
| અડદ | --- | ૧૨૦૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૧૨ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૪૧ |
| એરંડી | ૧૧૫૮ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૧૧ | ૭૭૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૪ | ૧૫૧૬ |
| કપાસ મીડીયમ | ૧૨૯૦ | ૧૩૯૦ |
| મગફળી ૨૦નં. | ૧૦૬૫ | ૧૦૮૫ |
| મગફળી બી.ટી. | ૯૯૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૫૧૦ | ૬૮૦ |
| જીરૂ | ૩૯૪૦ | ૩૮૩૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૫૦ |
| તુવેર | ૧૧૧૪ | ૧૩૫૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૯ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૩૧ |
| ચણા | ૯૮૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૫ |
| તુવરે | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| મગફળી | ૮૭૦ | ૯૫૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૩૮૦ |
| જુવાર | ૭૫૦ | ૭૫૫ |
| જીરૂ | ૩૮૧૦ | ૩૮૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૧૧ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૨૨૦૦ |
| તલ પીળા | ૨૪૯૧ | ૨૬૩૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| બાજરો | ૫૬૫ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૨ |
| જુવાર | ૬૦૦ | ૯૭૮ |
| મગ | ૧૩૦૦ | ૨૧૨૫ |
| મઠ | ૮૦૦ | ૧૧૩૦ |
| અડદ | ૭૨૫ | ૧૨૩૧ |
| તુવેર | ૭૫૦ | ૧૨૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૧ |
| મગફળી | ૮૫૫ | ૯૨૫ |
| ઘઉં | ૫૭૬ | ૫૯૦ |
| સફેદ તુવેર | ૧૧૦૦ | ૧૩૧૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| સોયાબીન | ૬૯૫ | ૭૫૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૪૫૦ |
| મગફળી | ૯૫૬ | ૧૦૯૫ |
| સોયાબીન | ૫૭૬ | ૫૭૬ |
| તુવેર | ૧૧૫૬ | ૧૨૦૧ |
| બાજરો | ૬૨૭ | ૬૨૭ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૦૦ | ૫૮૫ |
| બાજરો | ૪૫૦ | ૫૮૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૭૦ |
| અડદ | ૭૦૦ | ૧૪૫૫ |
| તુવેર | ૯૦૦ | ૧૨૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| મગફળ જીણી | ૮૫૦ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૯ |
| તલ | ૧૪૫૦ | ૧૫૦૦ |
| લસણ | ૫૦૦ | ૧૬૮૫ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૮૫ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૦૬૫ |
| અજમો | ૨૨૦૦ | ૪૪૯૦ |
| ધાણા | ૧૦૫૧ | ૧૪૫૧ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૨૫ |
| મરચા સુકા | ૪૫૦ | ૩૦૬૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૧૧ | ૧૪૫૮ |
| કપાસ સી ગ્રેડ | ૮૩૫ | ૯૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૬ |
| ઘઉં | ૫૫૦ | ૬૦૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૪૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૬૬ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૫૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૭૧ | ૧૦૭૧ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૫૭ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૬૪૮ |
| ઘઉં | ૫૨૧ | ૬૪૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૫૧૨ |
| જુવાર | ૬૬૦ | ૧૦૩૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૬૪ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૭૬૫ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૨૭૨ |
| સોયાબીન | ૭૪૦ | ૮૧૫ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૪૫ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૧૯૦ | ૧૪૨૪ |
| શીંગ ગીરનાર | ૧૦૨૫ | ૧૧૫૪ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૪૧ |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૧૧૨૧ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૦૭૧ |
| એરંડા | ૧૨૨૨ | ૧૨૨૨ |
| જુવાર | ૩૭૪ | ૯૭૮ |
| બાજરી | ૫૦૧ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૭૧૧ |
| મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| અડદ | ૫૫૫ | ૧૨૩૦ |
| મગ | ૧૫૮૧ | ૨૨૨૫ |
| સોયાબીન | ૮૦૫ | ૮૧૧ |
| તલ | ૧૯૬૩ | ૨૧૫૦ |
| તલ કાળા | ૪૯૦૦ | ૪૯૦૦ |
| તુવેર | ૧૨૨૬ | ૧૪૦૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ડુંગળી | ૧૫૧ | ૪૮૧ |
| ડુંગળી સફેદ | ૧૯૩ | ૩૫૦ |
| નાળીયેર | ૨૪૪ | ૨૪૭૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેડૂતો માટે રાહતનાં સમાચાર : કમોસમી વરસાદની આફત ટળી

**આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની સંભાવના**

અમદાવાદ, તા.૩૦

હવામાન વિભાગ દ્વારા ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આગામી ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. જે બે સિસ્ટમને કારણે વરસાદની શક્યતાઓ દર્શાવવામાં આવી રહી હતી તે સિસ્ટમ હાલમાં નબળી પડતા કમોસમી વરસાદની આફત ટળી શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, ગુજરાત નજીકથી એક બાદ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થઈ રહ્યા છે, તેને કારણે જ વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. બીજી અને ત્રીજી ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ જે બે સિસ્ટમને કારણે આ શક્યતાઓ જણાઈ આવતી હતી તે નબળી પડી રહી છે. આ ઉપરાંત ગુજરાતમાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, જેનું મુખ્ય કારણ છે કે હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન આવી રહ્યા છે. આગામી દિવસોમાં સિસ્ટમ નબળી પડતા માવઠાથી રાહત મળી શકે છે. ઉલ્લેખનીય છે કે, લઘુત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેતા ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. તથા હજુ પણ આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે. હવે કમોસમી વરસાદી સિસ્ટમ નબળી પડવા છતાં જો વરસાદ આવે તો પાકને નુકસાન થઈ શકે છે, તેથી અગમચેતીના ભાગરૂપે જરૂરી પગલા લેવા આવશ્યક છે.

# ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામના યુવકને દુષ્કર્મના કેસમાં ૨૦ વર્ષની સજા અને દંડ

**સગીરા સાથે સંબંધ બાંધી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું**

ધોરાજી, તા.૩૦

ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામે દુષ્કર્મના કેસમાં એક વ્યક્તિને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખએ ઉમરકોટના રહેવાસી સમીર કાસમ અમીરોણીયા ઉંમર વર્ષ આશરે ૧૮ વાળાને દુષ્કર્મના કેસમાં દોષી ઠરાવી ૨૦ વર્ષની સજા તથા દંડ ફટકાર્યો હતો. ફરિયાદી તરફથી એવી ફરિયાદ કરવામાં આવેલી હતી કે, ભોગ બનનાર દીકરી ચારેક મહિના પહેલા ઘરેથી નીકળી ગયેલી અને ત્યારબાદ આ ભોગ બનનાર દીકરીને સમીર અને તેના કાકા ફારુક પરત સોંપી ગયેલા હતા. ત્યારબાદ ફરીથી ભોગ બનનાર ઘરમાંથી રૂપિયા ૭૫,૦૦૦ જેવી રકમ લઈ અને પોતાના ઓળખના આધારો લઈ, વહેલી સવારે ઘરમાંથી ભાગી ગયેલી હતી. ભોગ બનનારના નિવેદન પ્રમાણે સગીરા સમીર સાથે મોટરસાયકલમાં ભાગી અને એસટી બસ મારફતે જામનગર ગયેલા ત્યાં થોડો સમય ફરી અને ફરીથી પરત પોતાના ગામ આવી ગયેલા. ત્યારે સમીરના સગાની વાડીએ રોકાયેલા જ્યાં આરોપી સમીર સાથે તેણીએ શરીર સંબંધ બાંધેલો હતો. અગાઉ પણ આ આરોપી સમીર સાથે તેમણે પોતાની અગાસીમાં શરીર સંબંધ બાંધેલો હતો. ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષ હતી. ઉપરોક્ત તમામ પુરાવા અને દસ્તાવેજોને ધ્યાને લઈ આરોપીને દોષી જાહેર કરવામાં આવ્યો હતો અને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

# અમરેલીમાં કેન્દ્રીય વિદ્યાલય જિલ્લા મુખ્ય મથકે ફાળવવા રજૂઆત

**વીર શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સાંસદ અને ધારાસભ્યને કરાઈ રજૂઆત**

અમરેલી, તા.૩૦

ભારત સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં મંજૂર થયેલા કેન્દ્રીય વિદ્યાલયને જિલ્લા મુખ્ય મથક નજીક સ્થાપિત કરવા માટે વીર શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશ મહેતાએ લોકપ્રતિનિધિઓને રજૂઆત કરી છે. અમરેલી જિલ્લાના મુખ્ય મથક તરીકે અમરેલી શહેર હોવાથી, કેન્દ્રીય કર્મચારીઓ, ભૂતપૂર્વ સૈનિકો અને અન્ય નાગરિકોને કેન્દ્રીય વિદ્યાલયનો મહત્તમ લાભ મળી રહે તે હેતુથી આ રજૂઆત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓની સુવિધા તેમજ પરિવહનની સરળતા માટે વિદ્યાલય શહેરની નજીક અથવા શહેરમાં જ સ્થાપિત થાય તે માટે ટ્રસ્ટ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને ગુજરાત સરકારના નાયબ દંડક તેમજ અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને રજૂઆત કરવામાં આવી છે, જેથી આ મુદ્દો કેન્દ્ર સરકાર સુધી પહોંચાડી શકાય.

# ખાંભાથી સાવરકુંડલા હાઈવે બિસ્માર હાલતમાં : વાહનચાલકો પરેશાન

ખાંભા, તા.૩૦



ખાંભાથી સાવરકુંડલા હાઈવે માર્ગ અતિ બિસ્માર બન્યો છે. જેના કારણે વાહન ચાલકો અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઠેર ઠેર આ રોડ પર દોઢ- દોઢ ફૂટના ખાડા પડી ગયા છે. રસ્તો ખખડધજ બની ગયો છે જેના કારણે વાહન ચાલકો પરેશાન બન્યા છે. બિસ્માર રોડથી વાહન અકસ્માતના બનાવો વધ્યા છે. સરકાર દ્વારા ચોમાસા બાદ રોડ રસ્તાઓના સમારકામની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ખાંભાથી સાવરકુંડલાના રોડનું સમારકામ કરવાની તસ્દી તંત્રએ લીધી ન હતી. ખાંભાથી સાવરકુંડલા જતા લોકો બિસ્માર રોડથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

# લીલીયાના ગોઢાવદર ખાતે પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગોઢાવદર,તા.૩૦



તસવીર : ભરત વિંઝુડા

લીલીયાના ગોઢાવદર પ્રાથમિક શાળામાં ૭૬મા પ્રજાસતાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સાંસ્કૃતિક કાર્યક્રમ, ધ્વજવંદન, રાષ્ટ્રગાન, વીર શહીદોને યાદ કરમાં આવ્યા હતા અને સ્કૂલમાં ૧થી ૩ નંબર મેળવેલ બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ધ્વજવંદન વિદ્યાર્થિની ખુશીબેન પાટણાવાડિયાના હસ્તે કરાયું હતું. આ તકે ગામના સરપંચ હીરાબેન ગોસાઇ, ઉપસરપંચ વિપુલભાઇ ગજેરા, વિજયભાઇ ગજેરા, સ્કૂલનાં આચાર્ય વર્ષાબેન જોષી, સુરેશભાઇ ગજેરા, અનીલભાઇ હિરપરા, રાકેશભાઇ હિરપરા, વિપુલ દાદા, ભરત વિંઝુડા, ગીરીશભાઇ પરમાર અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ધવલભાઇ જોષીએ કરેલ અને આભારવિધિ જે.પી. ભાસ્કરએ કરેલ હતી.

# અમરેલી પોક્સોના ગુનામાં આરોપીના રેગ્યુલર જામીન મંજૂર

**એડવોકેટ જગદિશ બી. ખુમાણની ધારદાર દલીલો માન્ય**

અમરેલી, તા.૩૦

દામનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટાર નં. ૧૧૧૯૩૦૧૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાના કલમ:-૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૨૯૪ તથા ધી પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ, ૨૦૧૨ની કલમ:- ૪,૬,૮,૧૮ આઈ.ટી. એક્ટની કલમ- ૬૬(ઈ), ૬૭(બી) અન્વયે જયદીશ રમેશભાઈ સમાણવા, રહે.મું. ચાપાપળ, તા.જી.અમરેલી વિરૂધ્ધ ફરિયાદ દાખલ થયેલ હતી. આરોપીને નામ અમરેલી પોક્સો કોર્ટમાં રેગ્યુલર જામીન અરજ દાખલ કરતા આરોપી તર્ફે એડવોકેટ જગદિશ બી. ખુમાણની દલીલ માન્ય રાખી નામ કોર્ટે તેમના તા.૩૦/૦૧ના રોજ રેગ્યુલર જામીન મંજૂર કરેલા હતા.

# ખાંભાનાં બોરાળા-હનુમાનપુર રોડ પાસે ૧૩ ભેંસોને કતલખાને લઈ જતા બચાવાઈ

**વારંવાર બનતી ઘટનાઓને કારણે પશુપ્રેમીઓમાં રોષની લાગણી**

અમરેલી, તા.૩૦



અમરેલી જિલ્લામાંથી ગેરકાયદેસર રીતે પશુધનને કતલખાને લઈ જવાની ઘટના વારંવાર બની રહી છે. ત્યારે બુધવારે સાંજે ગૌરક્ષક દળનાં સંજયભાઈ દીહોરા કોઈ કારણોસર જઈ રહ્યા હતા ત્યારે સાવરકુંડલા-મહુવા રોડ પર બાયપાસ સંકુલ પાસે એક ટ્રક બંધ હાલતમાં નીકળતા જોયો હતો. શંકાના આધારે ટ્રકનો પીછો કરતાં ટ્રક ડ્રાઈવરે ટ્રક ઉભો રાખ્યો ન હતો અને રાજુલા તરફ ભગાડી દીધેલ હતો. રાજુલા પહોંચતા પહેલા જ લોકોએ ટ્રકને અટકાવતા ડ્રાઈવર ટ્રક છોડી નાસી ગયો હતો. ત્યારબાદ ખાંભા પોલીસ ઘટના સ્થળે પહોંચતા ટ્રકને પોલીસ સ્ટેશને લઈ જવાયો હતો. જ્યાં ૧૩ ભેંસોને ગેરકાયદેસર રીતે ટ્રકમાં બાંધેલ હાલતમાં મળી હતી. આ અંગે પોલીસે તપાસ કરતાં ટ્રક ડ્રાઈવર સાજીદ તરકવાડીયા રહે.શિહોર અને ફીરોઝ અગવાન કલીનર હોવાનું જાણવા મળ્યું હતું. આ તમામ ભેંસોને ભરૂચ કતલખાનામાં લઈ જતાં હોવાનું જાણવા મળેલ હતું.

# કોડીનારમાં નેત્રનિદાન કેમ્પ યોજાયો



કોડીનાર,તા.૩૦

કોડીનારમાં બ્રહ્મપુરી વાડી ખાતે સ્વ. શ્રી હરિપ્રસાદ વાસુદેવ નરસિંહ ભટ્ટ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રણછોડદાસ બાપુ આશ્રમ, રાજકોટ દ્વારા છઠ્ઠો નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૦૯ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાંથી જરૂરિયાતમંદ ૨૭ દર્દીઓને ઓપરેશન માટે રણછોડદાસ આશ્રમે લઈ જવાયા હતા. આ કેમ્પમાં નિઃશુલ્ક નિદાન, દવા, ઓપરેશન અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં સીટી પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ

**ટ્રાફિક પોલીસ દ્વારા રૂા.૧૦,૬૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો**

અમરેલી,તા.૩૦



અમરેલી શહેરમાં છેલ્લા ઘણા સમયથી રોડ પર આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો વારંવાર સર્જાઇ રહ્યા છે. જેથી રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. ત્યારે અમરેલી શહેરનાં ટાવર રોડ, રાજકમલ ચોક, લાયબ્રેરી રોડ, હરી રોડ, રેલ્વે સ્ટેશન રોડ, મોટા બસ સ્ટેન્ડ રોડ સહિતના મુખ્ય વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું અને ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા વાહન ચાલકો પાસેથી રૂા.૧૦,૬૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો.

# 'હું જે છોકરીને પ્રેમ કરૂ છું તેનો પીછો તું મૂકી દે' કહી કોડીનારમાં યુવક ઉપર છરીથી હુમલો

**શરીરના અલગ અલગ ભાગે છરી મારી ઇજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી**

કોડીનાર, તા.૩૦

કોડીનારમાં ધોબી યુવક ઉપર છરીથી હુમલાની કોડીનાર પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. નિરવભાઈ મહેશભાઈ ચૌહાણ (ઉ.૨૦) ચાપાણી પી પોતાનું મોટર સાઈકલ લેવા જતા હતા ત્યારે આરોપી શિવમ મનુભાઈ જેઠવા આવીને કહેવા લાગ્યો કે હું જે છોકરીને પ્રેમ કરૂ છું તેનો પીછો તું મૂકી દે અને બોલાચાલી કરવા લાગ્યો હતો. ઉપરાંત અશ્લીલ ગાળો બોલી ઉશ્કેરાઈને શરીરના અલગ અલગ ભાગે છરી મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયો હતો. કોડીનાર પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

# કડવાસણ ગામમાં તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

કોડીનાર, તા.૩૦



૭૬ મા પ્રજાસત્તાક પર્વની તાલુકા કક્ષાની ઉજવણી કડવાસણ ગામમાં થઈ હતી. મામલતદાર ડીજી વરમોરા સાહેબના હસ્તે ધ્વજવંદન થયું હતું. પરેડના કમાન્ડર તરીકે જેબલિયા સરે ભૂમિકા ભજવી હતી. ધ્વજવંદન બાદ શાળાના બાળકોએ રાષ્ટ્રભાવના, દેશપ્રેમ અને અધ્યાત્મક વિષયક કૃતિઓની રજૂઆત કરી તમામ મહાનુભવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શાળાના આચાર્ય વીરાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકોએ બાળકોને કૃતિઓ તૈયાર કરાવી હતી. આ તકે ગામના સરપંચ સોનીબહેન બચુભાઈ વાળા તથા ઉપસરપંચ નિમુબેન રાઈસિંગભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો અમારા અસીલ નીતાબેન રમેશભાઈ ભલાણી વિગેરે, રહે.માલવિયા નગર, તા-જસદણ, જી-રાજકોટ વાળાની સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમારા અસીલે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ટોડા ગામે આવેલ ખેતીની જમીનો ખેડ ખાતા નં.૩૮૭, જેના રે.સ.નં.૧૧૦(જુનો. ૪૫/૧ પૈકી ૪), હે.આરે. ૦- ૬૪ - ૭૬, તથા ખેડ ખાતા નં.૩૮૮, જેના રે.સ.નં.૧૧૦/ પૈકી ૧ (જુનો. ૪૫/૧ પૈકી ૪), હે.આરે. ૧- ૯૬ - ૧૨, વાળી જમીન હિંમતભાઈ ધનજીભાઈ ધોળકીયા પાસેથી વેચાણથી રાખેલી છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમારા તરફેણનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે જમીનના માલીક હિંમતભાઈ ધનજીભાઈ ધોળકીયા દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવેલ છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત,સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક,નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોંબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૭ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહીં આવે તો આ મિલકત ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

અમારા મારફત
પૃથ્વીરાજસિંહ જી ડોડીયા
તે
૧. નીતાબેન રમેશભાઈ ભલાણી
૨. દિવ્યાબેન નયનભાઈ ભલાણી
૩. હંસાબેન જગદીશભાઈ ગોટી
૪. વિમળાબેન ચંદુભાઈ ગોટીના
એડવોકેટ

પત્ર વ્યવહારનું સરનામુ :-
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
૧૬, ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, કિરણ
હોસ્પિટની સામે, નગીનાવાડી,
કતારગામ, સુરત.
મો - ૮૨૩૮૧ ૧૪૪૧૧


# સુરતમાં પ્રેમમાં પાગલ યુવકે પોલીસ પર કર્યો હુમલો

સુરત, તા.૩૦

સુરત જિલ્લાના પલસાણાના બારાસડી ગામમાં ૨૮ જાન્યુઆરીએ ગ્રીષ્માકાંડ થતા રહી ગયો હતો. બારાસડી ગામના એક પરિવારની યુવતીને વડોદરાના યુવક સાથે પ્રેમ થઈ ગયો હતો. જોકે કોઈ કારણસર યુવતીએ યુવક સાથે વાતચીત કરવાનું બંધ કરી દેતાં યુવક ગુસ્સે થઈ ગયો હતો અને પાગલપ્રેમી ખુલ્લી તલવાર લઈને યુવતીના ગામે આવી ગયો હતો. જ્યાં ઉશ્કેરાયેલા યુવકે પોલીસકર્મીને માથામાં તલવાર મારી લોહીલુહાણ કરી દીધો હતો. આખરે પીઆઇ વી.એલ. ગાગિયાની સૂઝબૂઝથી યુવકને પકડી તેના હાથમાં રહેલા પથ્થર અને તલવાર છોડાવી પોલીસ મથક લઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે બીજા દિવસે પોલીસે આરોપી પાસે સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, જ્યાં આરોપીએ ગ્રામજનો અને પોલીસની જાહેરમાં માફી માગી હતી.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો અમારા અસીલ નીતાબેન રમેશભાઈ ભલાણી વિગેરે,રહે.માલવિયા નગર, તા-જસદણ, જી-રાજકોટ વાળાની સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમારા અસીલે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દુધાળા લાઠી ગામે આવેલ ખેતીની જમીનો ખેડ ખાતા નં.૬૧૨, જેના રે.સ.નં.૫૯ પૈકી ૨, હે.આરે. ૧ - ૫૫ - ૮૦, તથા ખેડ ખાતા નં.૬૧૦, જેના રે.સ.નં.૫૯ પૈકી ૧, હે.આરે. ૧ - ૫૬ - ૮૨, વાળી જમીનો ઘનશ્યામભાઈ ધનજીભાઈ ધોળકીયા પાસેથી વેચાણથી રાખેલી છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમારા તરફેણનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે જમીનના માલીક ઘનશ્યામભાઈ ધનજીભાઈ ધોળકીયા દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવેલ છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત,સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક,નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોંબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૭ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો આ મિલકત ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
૧૬, ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, કિરણ
હોસ્પિટની સામે, નગીનાવાડી,
કતારગામ, સુરત.
મો - ૮૨૩૮૧ ૧૪૪૧૧

અમારા મારફત
પૃથ્વીરાજસિંહ જી ડોડીયા
તે
૧. નીતાબેન રમેશભાઈ ભલાણી
૨. દિવ્યાબેન નયનભાઈ ભલાણી
૩. હંસાબેન જગદીશભાઈ ગોટી
૪. વિમળાબેન ચંદુભાઈ ગોટીના
એડવોકેટ

## ભારત-યુએઈ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી નવા સ્તરે પહોંચાડવા બંને દેશો વચ્ચે મંત્રણા

(એચ.એસ.એલ),દુબઈ,તા.૩૦



ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી હવે પહેલા કરતા વધુ મજબૂત બનવા જઈ રહી છે. આ સંદર્ભમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે બુધવારે દુબઈના ક્રાઉન પ્રિન્સ અને સંયુક્ત આરબ અમીરાતના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાન હમદાન બિન મોહમ્મદને મળ્યા હતા. આ દરમિયાન, જયશંકરે યુએઈ-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને એક નવું પરિમાણ આપવાના માર્ગો પર ચર્ચા કરી હતી. જયશંકર સોમવારે બંને દેશો વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા અને સંબંધોને નવી ગતિ આપવા માટે ત્રણ દિવસની મુલાકાતે યુએઈ પહોંચ્યા હતા. "દુબઈના ક્રાઉન પ્રિન્સ અને યુએઈના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાન હમદાન મોહમ્મદને મળીને આનંદ થયો," જયશંકરે 'એકસ' પરની એક પોસ્ટમાં કહ્યું. મિત્રતાના ઊંડા સંબંધો અને આપણા લોકોના ભલા માટે તેને આગળ વધારવા પર ઉષ્માભરી ચર્ચા થઈ. યુએઈના ક્રાઉન પ્રિન્સે કહ્યું કે તેમણે વિદેશ મંત્રી સાથે "યુએઈ-ભારત વ્યૂહાત્મક ભાગીદારી અને લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાના મહત્વ" પર ચર્ચા કરી છે.

## કેનેડીયન કમિશન રિપોર્ટમાં આતંકી નિજ્જરની હત્યામાં ભારત વિરૂધ્ધ નક્કર પુરાવા ન મળ્યાં

(એચ.એસ.એલ),ટોરેન્ટો,તા.૩૦

ભારતને વિશ્વ મંચ પર બદનામ કરવાના જસ્ટિન ટૂડોના ષડયંત્રનો સમગ્ર વિશ્વની સામે પર્દાફાશ થયો છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કેસમાં કેનેડિયન કમિશનને ભારત વિરુદ્ધ કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. તમને જણાવી દઈએ કે કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ જૂન ૨૦૨૩માં ખાલિસ્તાની આતંકવાદીની હત્યા માટે ભારત પર પાયાવિહોણા આરોપ લગાવ્યા હતા. જોકે, ભારતે ટૂડોના આરોપોને વાહિયાત, પાયાવિહોણા અને બનાવટી ગણાવીને તાત્કાલિક અસરથી ફગાવી દીધા હતા. હવે કેનેડિયન કમિશનના રિપોર્ટથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે ટૂડો બિનજરૂરી રીતે ભારતને બદનામ કરવાનું કાવતરું કરી રહ્યા હતા. તમને જણાવી દઈએ કે કેનેડિયન કમિશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેનેડિયન શીખ કાર્યકર્તા



હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો અન્ય કોઈ દેશ સાથે કોઈ નક્કર સંબંધ છે તેવું સાબિત થયું નથી. હકીકતમાં, સપ્ટેમ્બર ૨૦૨૩ માં, ટૂડોએ કહ્યું હતું કે કેનેડા પાસે વિશ્વસનીય પુરાવા છે કે જૂન ૨૦૨૩ માં બ્રિટિશ કોલંબિયામાં નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટો સામેલ હતા. કેનેડિયન કમિશને ખુદ આ મામલે ભારતને ક્લીનચીટ આપી છે. પૂર્વ પીએમ જસ્ટિન ટૂડો માટે આ સૌથી મોટો આંચકો છે. 'પબ્લિક ઈન્કવાયરી ઈન ફોરેન ઈન્ટરફરન્સ ઈન ફેડરલ ઈલેક્શન પ્રોસેસ એન્ડ ડેમોક્રેટિક ઈન્સ્ટિટ્યૂશન્સ' શીર્ષક હેઠળનો અહેવાલ મંગળવારે બહાર પાડવામાં આવ્યો હતો.

## પ.બંગાળમાં જીબીએસ સિન્ડ્રોમ રોગનો હાહાકાર : ત્રણના મોત

(એચ.એસ.એલ),કોલકતા,તા.૩૦

દેશમાં જીબીએસ સિન્ડ્રોમ રોગનો કહેર સતત વધી રહ્યો છે. આ રોગ હવે રાજ્ય-દર-રાજ્યમાં ફેલાવા લાગ્યો છે. બંગાળમાં, છેલ્લા ચાર દિવસમાં શંકાસ્પદ જીબીએસથી એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે. જોકે, આરોગ્ય વિભાગે હજુ સુધી મૃત્યુના કારણની સત્તાવાર પુષ્ટિ કરી નથી. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ઉત્તર ૨૪ પરગણાના જગદલના રહેવાસી દેબકુમાર સાહુ (૧૦), અમદંગાના રહેવાસી અરિત્ર મનલ (૧૭) અને હુગલી જિલ્લાના ધનિયાખલી ગામના ૪૮ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. દેબકુમારનું ૨૬ જાન્યુઆરીએ કોલકાતાની બીસી રોય હોસ્પિટલમાં અવસાન થયું, જ્યારે શહેરની એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અમડાંગાના મનલનું બીજા દિવસે અવસાન થયું હતું. હુગલીના આ વ્યક્તિનું બુધવારે ત્યાંની એક હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

## દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કેજરીવાલની વધુ સાત ગેરંટી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આવી સ્થિતિમાં, આમ આદમી પાર્ટીના વડા અને નેતા અરવિંદ કેજરીવાલે પ્રેસને સંબોધિત કર્યું હતું. આ દરમિયાન, તેમણે કહ્યું કે, ઘણા સરકારી આવાસોમાં, પછી ભલે તે અધિકારીઓના હોય, સાંસદોના હોય કે મંત્રીઓના હોય. તેના ઘરમાં કામ કરતા નોકરો/કર્મચારીઓ સાથે



ઘણી સમસ્યાઓ છે. એવા લોકોના જીવનમાં ઘણી સમસ્યાઓ હોય છે. જ્યારે કોઈ સરકારી અધિકારી, સાંસદ કે મંત્રીને બંગલો આપવામાં આવે છે, ત્યારે તેની સાથે એક નોકર ક્વાર્ટર પણ આપવામાં આવે છે. તે નોકર ક્વાર્ટરમાં, તે લોકોને રાખવામાં આવે છે જેઓ તેમના ઘરમાં કામ કરે છે. આવી સ્થિતિમાં તેમને પગાર મળવો જોઈએ. પરંતુ ૭૦-૮૦ ટકા પગાર ચૂકવવામાં આવતો નથી અને તેમને કહેવામાં આવે છે કે જો તેમને નોકર નિવાસ આપવામાં આવે તો તેમણે મફતમાં કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે ઘણા સાંસદો અને મંત્રીઓએ પોતાના ક્વાર્ટર ભાડા પર આપ્યા છે. આ ગેરકાયદેસર છે અને તેના પરિણામે સજા થઈ શકે છે. જ્યારે કોઈ સાંસદ કે અધિકારીની બદલી થાય છે, ત્યારે ત્યાં કામ કરતો સ્ટાફ બેઘર અને બેરોજગાર બની જાય છે. નવા ન આવે ત્યાં સુધી તેમને દૂર કરવામાં આવે છે. આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે આવા સ્ટાફ/નોકરોને ૭ ગેરંટી આપી છે.

## લિવ-ઈન રિલેશનશિપની નોંધણી માટે રાજસ્થાન સરકારને પોર્ટલ બનાવવા નિર્દેશ

(એચ.એસ.એલ),જયપુર,તા.૩૦

રાજસ્થાન હાઈકોર્ટની સિંગલ બેન્ચે રાજ્ય સરકારને લિવ-ઈન કપલ્સની નોંધણી માટે એક પોર્ટલ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સંદર્ભમાં હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આમાં, 'લિવ-ઈન' યુગલોએ સુરક્ષાની માંગણી કરી હતી. હાઈકોર્ટની સિંગલ બેન્ચે કહ્યું, "ઘણા યુગલો 'લિવ-ઈન' રિલેશનશિપમાં રહે છે અને તેમના સંબંધને સ્વીકાર ન કરવાને કારણે, તેઓ તેમના પરિવારો અને સમાજના અન્ય લોકો તરફથી ખતરાનો સામનો કરી રહ્યા છે. તેથી, તેમને 'પીટીશન દાખલ કરીને કોર્ટનો સંપર્ક કરો અને તેમના જીવન અને સ્વતંત્રતાના રક્ષણ માટે વિનંતી કરો.' ન્યાયાધીશ અનૂપ કુમાર ધાંડે કહ્યું કે જ્યાં સુધી આવો કાયદો ન બને ત્યાં સુધી 'લિવ-ઈન' સંબંધો સક્ષમ અધિકારી - ટ્રિબ્યુનલમાં નોંધાયેલા હોવા જોઈએ. હાઈકોર્ટે કહ્યું કે 'લિવ-ઈન' રિલેશનશિપમાં રહેતી મહિલાનો દરજ્જો પત્ની જેવો નથી.

## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'હાશમાની' કેસમાં પોતાની સજા સામે અપીલ કરી

(એચ.એસ.એલ),ન્યૂયોર્ક,તા.૩૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'હાશમાની' (મોં બંધ રાખવા માટે પૈસા આપવા) કેસમાં પોતાની સજા સામે અપીલ કરી છે. તમને જણાવી દઈએ કે ટ્રમ્પના શપથ ગ્રહણ પહેલા, ન્યૂયોર્કની એક કોર્ટે તેમને એક પોર્ન સ્ટારનું મોં બંધ રાખવા માટે ગુપ્ત પૈસા આપવા બદલ દોષિત ઠેરવ્યા હતા અને તેમને ૪ વર્ષની જેલની સજા ફટકારી હતી. હવે ટ્રમ્પે તે નિર્ણયને રદ કરવાની વિનંતી કરી છે જે તેમને ગુનાહિત રેકોર્ડ સાથે રાષ્ટ્રપતિ પદ જીતનાર પ્રથમ વ્યક્તિ બનાવે છે. ટ્રમ્પના વકીલોએ અપીલની નોટિસ દાખલ કરીને કોર્ટને ગયા મે મહિનામાં બિઝનેસ રેકોર્ડમાં ખોટા સુધારા કરવાના ૩૪ આરોપોમાં તેમની સજા રદ કરવા જણાવ્યું હતું. આ કેસ ટ્રમ્પના ૨૦૧૬ ના રિપબ્લિકન અભિયાન



દરમિયાન પોર્ન અભિનેત્રી સ્ટોર્મી ડેનિયલ્સને લાંચની ચૂકવણી છુપાવવાના કથિત કાવતરા સાથે જોડાયેલો છે. ટ્રમ્પે પોતાનું પ્રતિનિધિત્વ કરવા માટે સુલિવાન અને ક્રોમવેલ એલએલપી ફર્મની એક નવી કાનૂની ટીમ ભાડે રાખી છે, જેનું નેતૃત્વ ફર્મના સહ-અધ્યક્ષ રોબર્ટ જે. ગિફ્રા જુનિયર કરશે. રાષ્ટ્રપતિ તરીકે શપથ લેતા પહેલા પણ ટ્રમ્પે કોર્ટમાં આ મામલે ચુકાદો ન આપવા અને કેસ રદ કરવા માટે ઘણી વખત અપીલ કરી હતી, પરંતુ ન્યાયાધીશે તેમની બધી દલીલોને ફગાવી દીધી હતી.

## મહાકુંભમાં સ્નાન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કાર અને રોડવેઝ બસ વચ્ચે અકસ્માત : ૩ લોકોના મોત

(એચ.એસ.એલ),જૌનપુર,તા.૩૦

ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લામાં, મહાકુંભમાં સ્નાન કરીને કાર દ્વારા પરત ફરી રહેલા ત્રણ શ્રદ્ધાળુઓના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. અહેવાલો અનુસાર, ગુરુવારે વહેલી સવારે જિલ્લાના મુંગરાબાદશાહપુર વિસ્તારમાં પ્રયાગરાજ મહાકુંભથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી કાર અને રોડવેઝ બસ વચ્ચે સામસામે



ટક્કરમાં બે મહિલાઓ સહિત ત્રણ લોકોના મોત થયા હતા. આ ઘટનામાં કારમાં મુસાફરી કરી રહેલા અન્ય ત્રણ લોકો પણ ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ અધિક્ષક ડો. કૌસ્તુભે જણાવ્યું હતું કે મહારાજગંજ જિલ્લાના સમદેઉઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ધનનાયક ગામના રહેવાસી ૪૫ વર્ષીય સંજય સિંહ, તેમની પત્ની ૪૩ વર્ષીય વિદ્યાવતી, ૫૨ વર્ષીય મહેશ તિવારી, તેમની પત્ની ૪૭ વર્ષીય કિરણ દેવી, ગોરખપુર જિલ્લાના ખોરાવર ગામના રહેવાસી ૪૦ વર્ષીય બિંદુસિંહ અને ગોરખપુરના ઝાગાહા ગામના રહેવાસી ૫૦ વર્ષીય વિમલા દેવી, મહાકુંભમાં સ્નાન કરીને કાર દ્વારા ઘરે પરત ફરી રહ્યા હતા.

## યમુનાની સફાઈ માટે કેજરીવાલે કોઈપણ પ્રકારનું કામ નથી કર્યું : અમિત શાહ

નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે રોહિણીથી ભાજપના વિધાનસભા ઉમેદવાર વિજેન્દ્ર ગુપ્તાના સમર્થનમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. ગૃહમંત્રીએ પોતાના સંબોધનમાં અરવિંદ કેજરીવાલ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે હાર જોઈને કેજરીવાલ ગભરાઈ ગયા છે. કેજરીવાલ જૂઠું બોલવામાં અને



બહાના બનાવવામાં નંબર વન છે. તેઓ કહે છે કે દિલ્હીના લોકોને પરેશાન કરવા માટે, ભાજપના લોકોએ હરિયાણાના યમુનાના પાણીમાં ઝેર ભેળવ્યું છે. અરે કેજરીવાલજી, કયું ઝેર ભેળવ્યું છે, કઈ પ્રયોગશાળામાં તેનું પરીક્ષણ કરાવ્યું છે, તેનું નામ જણાવો. યમુનાને પ્રદૂષિત કરીને, તમે દિલ્હીને પ્રદૂષિત પાણી પીવા માટે મજબૂર કર્યું છે અને તમે તમારા ભ્રષ્ટાચારમાં જળ શુદ્ધિકરણ, રસ્તાઓની સફાઈ અને જળ બોર્ડ દ્વારા સ્વચ્છ પાણી પૂરું પાડવા માટેના બધા પૈસા વેડફી નાખ્યા છે.

## સ્વાતિ માલીવાલે અરવિંદ કેજરીવાલના ઘરની સામે કચરો ફેંક્યો, પોલીસે અટકાયત કરી

નવીદિલ્હી,તા.૩૦

રાજ્યસભાના સાંસદ સ્વાતિ માલીવાલે આજે દિલ્હીમાં સ્વચ્છતા માટે યોગ્ય વ્યવસ્થાના અભાવ સામે સખત વિરોધ વ્યક્ત કર્યો હતો. સ્વાતિ માલીવાલ તેમના સમર્થકો સાથે કચરાથી ભરેલા વાહનો સાથે અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા અને કચરો તેમના ઘરની સામે ફેંકી દીધો હતો. આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ વિકાસપુરીથી ૩ વાહનોમાં કચરો ભરીને આપ કન્વીનર અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનની બહાર પહોંચ્યા. તેણીએ કહ્યું કે દિલ્હી સરકાર રાજધાનીમાં સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ ગઈ છે, તેથી હવે તે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર કચરો ફેંકશે. સ્વાતિ માલીવાલ તેમના સમર્થકો સાથે ટ્રકમાંથી કચરો કેજરીવાલના ઘર તરફ ફેંકવા લાગ્યા હતા જેથી પોલીસે તેમને અટકાયતમાં લીધા હતા.

## ભારતનાં કડક વિરોધ બાદ ભૂલથી ગોળીબાર થયો હોવાનો શ્રીલંકાનો સ્વીકાર

(એચ.એસ.એલ),કોલંબો,તા.૩૦

ભારતના કડક વિરોધ બાદ શ્રીલંકન સરકારે ભૂલથી ગોળીબાર થયો હોવાનું સ્વીકાર્યું છે. શ્રીલંકાના નૌકાદળના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ડેલ્ફટ ટાપુ નજીક ૧૩ ભારતીય માછીમારોની ધરપકડ દરમિયાન આકસ્મિક ગોળીબારમાં બે માછીમારો ગંભીર રીતે ઘાયલ થયા છે. શ્રીલંકાના નૌકાદળના કમાન્ડર વાઈસ એડમિરલ કંચના બાંગોડાએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ મુજબ, નૌકાદળના એક કર્મચારીએ ભૂલથી ગોળીબાર કર્યો હતો,



જેમાં બે ભારતીય માછીમારો ઘાયલ થયા હતા. અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા, વાઈસ એડમિરલ બાંગોડાએ જણાવ્યું હતું કે નૌકાદળના કર્મચારીઓએ શ્રીલંકાના પાણીમાં એક ભારતીય માછીમારી બોટને શંકાના આધારે ઝડપી હતી.

## મૌની અમાવસ્યા પર ગંગામાં ડૂબકી લગાવી પૂનમ પાંડેએ તમામ પાપ ધોઈ નાખ્યા

મુંબઈ,તા.૩૦

સર્વાઈકલ કેન્સરથી પોતાના મૃત્યુના ખોટા સમાચાર ફેલાવીને સનસનાટી મચાવનાર બોલ્ડ એક્ટ્રેસ અને મૉડેલ પૂનમ પાંડે મૌની અમાવસ્યાના અવસર પર મહાકુંભમાં પહોંચી, જ્યાં તેણે અમૃત સ્નાન કર્યું હતું. તે આ મહાન ઉત્સવની સાક્ષી બની અને ગંગામાં ડૂબકી લગાવીને તેણે પોતાના પાપો ધોઈ નાખ્યા. મહાકુંભમાં થયેલી દુઃખદ ભાગદોડની ઘટના પર પ્રતિક્રિયા આપતા તેણે તેને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવી. ઘણા સ્ટાર્સની જેમ પૂનમ પાંડે પણ મહાકુંભમાં સ્નાન કરવા પહોંચી હતી. સંગમ કિનારા સુધી પહોંચવા માટે લોકોને ઘણા કિલોમીટર ચાલવું પડે છે. જોકે, પૂનમ પાંડેએ સંગમ બીચ પર પહોંચવા માટે સ્કૂટીની સવારી લીધી હતી. તેણે ફેન્સ સાથે ભીડનો નજારો પણ શેર કર્યો.તેણે પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં



તેણે કહ્યું કે, લોકોની ભીડ કેવી રીતે આસ્થાની ડૂબકી લગાવી રહી છે. તેણે ભાગદોડની ઘટના પર પણ દુઃખ વ્યક્ત કર્યું. પૂનમે ઈન્સ્ટાગ્રામ સ્ટેટસ પર ઘણી પોસ્ટ શેર કરી છે. તે તેની ટીમના સભ્યો સાથે મહાકુંભ પહોંચી, જ્યાં તે ભીડમાં ફસાઈ ગઈ હતી. તેની આસપાસ ઘણી ભીડ હતી. તેણે કહ્યું- 'શક્તિ ભલે ઓછી થઈ જાય પણ, શ્રદ્ધા ઓછી ન થવી જોઈએ.' ઓમ નમઃ શિવાય. તેણે તસવીર શેર કરી જેમાં તે ગંગા નદીમાં સ્નાન કરતી જોવા મળે છે. તેણે પોતાના ફોટો કેપ્શનમાં લખ્યું, 'મારા બધા પાપ ધોવાઈ ગયા છે.' આ પછી તેણે હોડીની સવારી પણ કરી અને માછલીઓને ખવડાવ્યું.

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા 'ઈન્ડિયા વિ પાકિસ્તાન' નામની ક્રિકેટ ડોક્યુમેન્ટરી શ્રેણી રિલીઝ થશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધુ એક મોટું યુદ્ધ થવાનું છે. આ વખતે બંને કટ્ટર હરીફ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં એકબીજા સામે ટકરાશે. આ મેચ ૨૩ ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. ભારત-પાકિસ્તાન વચ્ચેની દુશ્મનાવટની ચર્ચા આખી દુનિયામાં થાય છે. આગામી ભારત અને પાકિસ્તાન મેચ



પહેલા, નેટફ્લિક્સ 'ધ ગ્રેટેસ્ટ રિવૈલરી - ઈન્ડિયા વિ પાકિસ્તાન' નામની ક્રિકેટ ડોક્યુમેન્ટરી શ્રેણી રિલીઝ કરવા જઈ રહ્યું છે. તેનો પ્રીમિયર ૭ ફેબ્રુઆરીએ થશે. રિલીઝના એક અઠવાડિયા પહેલા ઓટીટી પ્લેટફોર્મે ડોક્યુમેન્ટરીની એક ઝલક શેર કરી છે. શેર કરાયેલા ટ્રેલરમાં, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ૧૯૯૬ના ફ્રેન્ડશીપ કપને યાદ કર્યો, જે કેનેડામાં કટ્ટર હરીફો વચ્ચે રમાયેલી પાંચ મેચની શ્રેણી હતી. ગાંગુલી તે વીડિયોમાં કહે છે, 'તે ફક્ત નામનો મિત્રતાનો પ્રવાસ હતો, શોએબ અખ્તર ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરી રહ્યો હતો, તેમાં મિત્રતા ક્યાં હતી?' સૌરવ ગાંગુલીના આ નિવેદનને જોઈને ભૂતપૂર્વ દિગ્ગજ પાકિસ્તાની ફાસ્ટ બોલર શોએબ અખ્તરે પણ એકસ પર ટ્વિટ કર્યું હતું.

# અંબાજી કોરિડોર: દબાણો દૂર કરવા ૧૬ થી વધુ ટીમો દ્વારા ડિમોલેશન હાથ ધરાયું

અંબાજી,તા.૩૦

અંબાજી કોરિડોર એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનો હેતુ અંબાજી મંદિરના પરિસરનો વિકાસ અને સુધારણા કરવાનો છે. હાઈકોર્ટે માસ્ટર પ્લાન મામલે તંત્રને રાહત આપી છે. કોર્ટે દબાણો દૂર કરવા અને તાત્કાલિક કામગીરી કરવા નિર્દેશ આપ્યા છે. મળતી માહિતી મુજબ, અંબાજી કોરિડોરના વિરોધમાં ૬૦ જેટલી અરજીઓ કરવામાં આવી



હતી. અરજદારોનું કહેવું હતું કે આ પ્રોજેક્ટના કારણે ઘણા લોકો બેઘર થઈ જશે અને તેમના ધંધા રોજગાર છીનવાઈ જશે. જોકે, હાઈકોર્ટે કોઈ પણ પ્રકારની રાહત આપવાનો ઈનકાર કર્યો છે. આ કેસની વધુ સુનવણી ૧૯ માર્ચના રોજ હાથ ધરાશે. અંબાજી કોરિડોરમાં વચ્ચે આવતા દબાણો દૂર કરવા મોટાપાયે તજવીજ હાથ ધરાઈ છે. ભારે પોલીસ બળ સાથે વહીવટી તંત્ર અંબાજી પહોંચ્યું છે અને ૧૬ કરતા વધુ ટીમો દ્વારા ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું છે. અંબાજીમાં દાદાનું વિકાસનું બુલડોઝર ચાલ્યું છે, અંબાજી કોરિડોરમાં વચ્ચે આવતા દબાણો દૂર કરવાનું શરૂઆત કરાઈ છે. અંબાજી કોરિડોરમાં દબાણોને દૂર કરવા મોટાપાયે તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતના ચાર શહેરમાં સ્ટેટ જીએસટી વિભાગના દરોડામાં અંદાજીત ૯.૧૧ કરોડની કરચોરી ઝડપાઈ

અમદાવાદ,તા.૩૦

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ કરચોરી રોકવા મક્કમ છે. આ અંતર્ગત GST વિભાગે રાજ્યમાં અનેક જગ્યાએ દરોડા પાડીને મોટી કાર્યવાહી કરી છે. વાસ્તવમાં જીએસટી વિભાગે અમદાવાદ, સુરત, વાપી અને વ્યારામાં ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન જીએસટી વિભાગે અંદાજીત ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢી છે. કરચોરી એટલે કે બિલ વિનાના થતા વેચાણો અટકાવવા માટે ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા



તા. ૨૧ મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કેમીકલ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ અને રમકડા, ઈલેક્ટ્રોનીક્સ, બ્યુટીપાર્લર અને મેન પાવર સહિત વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કુલ ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. વિગતો મુજબ આ ૧૪ વેપારીઓ પૈકી ૮ વેપારીઓ અમદાવાદમાં, ૩ વેપારીઓ સુરતમાં, ૨ વેપારીઓ વાપીમાં તથા ૧ વેપારી વ્યારામાં આવેલ હતા. વિગતો મુજબ તપાસ દરમિયાન બિનહિસાબી વેચાણ અને વેરાની ઓછી જવાબદારી દર્શાવવા જેવી ગેરરીતિઓ ધ્યાનમાં આવેલ હતી. જીએસટી વિભાગ દ્વારા આ કાર્યવાહી દરમિયાન અંદાજીત રૂ. ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવી છે.

# વ્યાજખોરોના ત્રાસથી રાજકોટમાં યુવકે વીડિયો બનાવી આપઘાત કર્યો

રાજકોટ,તા.૩૦

એક તરફ પોલીસ વ્યાજખોરો વિરુદ્ધ અનેક પગલાંઓ લઈને આક્રમક મૂડમાં જોવા મળી રહી છે. ત્યારે બીજી તરફ વ્યાજખોરો પોલીસ તંત્રને સતત પડકાર ફેંકી રહ્યા હોય તેમ પોતાના કારનામા સતત શરૂ રાખી રહ્યા છે. ગુજરાતભરમાં પોલીસ દ્વારા લોકદરબાર યોજીને ગેરકાયદે વ્યાજ વસૂલતા વ્યાજખોરો સામે અભિયાન ચલાવવામાં આવ્યું હોવા છતાંય સ્થિતિ જેમની તેમ છે.

તાજેતરમાં રાજકોટમાં વ્યાજખોરના ત્રાસથી યુવકે આપઘાત કર્યો હતો. બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ અલ્પેશ સાકરિયા નામના યુવકે આપઘાત કર્યો હતો. આ ઘટનામાં મૃતક પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. આ સ્યુસાઈડ નોટમાં ૧૦ વ્યાજખોર સામે આરોપ કરવામાં આવ્યો છે. જેમાં મૂડી કરતા વધુ વ્યાજ ચુકવી દીધાનો ઉલ્લેખ સ્યુસાઈડ નોટમાં કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ મૃતક અલ્પેશ કોઠારીયા રોડ ઉપર આવેલા શિવમપાર્કમાં રહેતો હતો.

# અમદાવાદમાં સૌથી મોટા કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજન બદલ મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવી

અમદાવાદ,તા.૩૦

વિશ્વભરમાં પ્રસિદ્ધ બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેનો ભારતનો સૌથી મોટો કોન્સર્ટ અમદાવાદમાં ૨૫ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાયો હતો. બે દિવસીય આ કોન્સર્ટમાં ભાગ લેવા માટે ૧.૩ લાખ લોકોએ ટિકિટ ખરીદી હતી અને આ ભવ્ય સમારોહમાં સામેલ થવા માટે અંદાજે ૨.૫ લાખ જેટલા લોકો શહેરમાં પહોંચ્યા હતાં. રાજ્ય સરકાર તરફથી પોલીસ



વિભાગ, અમદાવાદ કોર્પોરેશન અને અન્ય વિભાગોએ યોગ્ય સંકલન સાથે દર્શકોની સુવિધા માટે સુરક્ષા, ટ્રાફિક, મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન અને ઈમરજન્સી સેવાઓ માટે ચુસ્ત આયોજન કર્યું હતું. ૧.૩ લાખ લોકોએ એકસાથે આ કોન્સર્ટને માણ્યો તે સંખ્યાની દ્રષ્ટિએ અત્યારસુધી ભારતનો સૌથી મોટો કોલ્ડપ્લે શૉ બન્યો છે. આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોના સફળ આયોજન અંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ સમિટ અને ક્રિકેટ વિશ્વકપ જેવા કાર્યક્રમોની સફળતાપૂર્વક યજમાની કરી છે. આ પ્રકારના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે રાજ્યમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

# હત્યા કેસમાં રાજમોતી ઓઈલ મિલ માલિક સહિત ૩ને આજીવન કેદની સજા

રાજકોટ,તા.૩૦

રાજકોટ રાજમોતી ઓઈલ મિલના અમદાવાદ સ્થિત બ્રાન્ચના મેનેજર દિનેશ દક્ષિણીની હત્યા કેસમાં મુખ્ય આરોપી સમીર શાહ સહિત ૩ આરોપીઓને કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. સ્પે. પ્રોસીક્યુશન હિરેન પટેલએ જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી ૨૦૧૬માં રાજમોતી ઓઈલ મિલના સંચાલક દ્વારા અમદાવાદ સ્થિત બ્રાન્ચના મેનેજર દિનેશ દક્ષિણી ઉચાપત કરતા હોવાની શંકા આધારે રાજકોટ રાજમોતી ઓઈલ મિલના મેનેજર સમીર ગાંધી અને ડ્રાઈવર ક્રિપાલસિંહ ચુડાસમાને મોકલી તેની પાસે એક ચિઠી લખાવી રાજકોટ લાવવામાં આવેલ હતા. ત્યારબાદ બી ડિવિઝન પોલીસ સ્ટેશન અંતર્ગત આવતી બેડીપરા પોલીસ ચોકી લાવી પોલીસને હવાલો સોંપવામાં આવ્યો હતો. દરમિયાન એએસઆઈ યોગેશ ભટ્ટ દ્વારા દિનેશ દક્ષિણી પાસેથી રૂપિયા કઢાવવા માટે માર મારવામાં આવેલ જેથી તેનું મોત થઈ ગયું હતું.

# લગ્ન સમારોહ દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના બે મોબાઈલ ફોન ચોરાયા

અમદાવાદ,તા.૩૦

લગ્ન, બજાર, પાર્ક વગેરેમાં સામાન્ય લોકોના મોબાઈલ ફોન ચોરાઈ જવા એ સામાન્ય બાબત છે. પરંતુ ક્યારેક વીઆઈપી લોકો પણ તેનો ભોગ બને છે. તાજેતરનો કિસ્સો ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો છે, જેમના બે મોબાઈલ ફોન દહેરાદૂનમાં ચોરાઈ ગયા હતા. મસૂરી રોડ પર એક લગ્ન સમારોહ દરમિયાન ચોરી થઈ હતી. રજિસ્ટ્રાર જનરલે પોલીસમાં ફરિયાદ નોંધાવી



છે. જે બાદ રાજપુર પોલીસ સ્ટેશને કેસની તપાસ શરૂ કરી છે. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ ૨૬ જાન્યુઆરીએ દેહરાદૂનના માલસીમાં ન્યુ મસૂરી રોડ પર ફૂટહિલ ગાર્ડનમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા આવ્યા હતા. લગ્ન સ્થળે સાંજે ૪:૪૫ થી ૫:૧૫ વાગ્યાની વચ્ચે તેમના બે આઈફોન ચોરાઈ ગયા હતા. આમાંથી એક ફોન મુખ્ય ન્યાયાધીશના નામે અને બીજો રજિસ્ટ્રાર જનરલની ઓફિસ દ્વારા ખરીદવામાં આવ્યો હતો. રાજપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.ડી. ભટ્ટે જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના રજિસ્ટ્રાર જનરલ મૂળચંદ ત્યાગીએ ફરિયાદ આપી હતી.

# મહાકુંભમાં મૃત્યુ પામનાર વૃદ્ધના સિદ્ધપુરમાં અંતિમસંસ્કાર કરાયા

મહેસાણા, તા.૩૦

મહાકુંભના સંગમ નોઝ પર થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુના મોત થયા હતા, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. એમાં એક ગુજરાતી શ્રદ્ધાળુનું દુઃખદ અવસાન થયું હતું. મૃતક મહેશભાઈ સોમાભાઈ પટેલ મૂળ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામના વતની હતા. મહેશભાઈના મૃતદેહને તેમના વતન લાવવામાં આવ્યો હતો, જ્યાં પરિવારજનો અને ગ્રામજનો તેમના અંતિમદર્શન માટે એકત્રિત થયા હતા. એ બાદ મૃતદેહને અંતિમવિધિ માટે સિદ્ધપુર લઈ જવાયો હતો, જ્યાં તેમની શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અંતિમવિધિ કરવામાં આવી હતી.

# રાજકોટની મહિલાઓએ દારૂની હાટડીઓ પર જાતે જ પાડી દીધી રેડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૩૦

શહેરના અટીકા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં દારૂના અડ્ડા ધમધમી રહ્યા હોવાનો સ્થાનિક મહિલાઓ આક્ષેપ લગાવી રહી છે. મહિલાઓ સહિત સ્થાનિકોએ રાજકોટના અટીકા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં બહારથી સામાન્ય લાગતી દુકાનમાં દરોડા પાડીને દેશી દારૂની પોટલીઓ ઝડપી પાડી હતી. હાલ આ અંગેના વીડિયો ઘણા જ વાઈરલ થઈ રહ્યા છે. રાજકોટના અટીકા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ધમધમતા દારૂના અડ્ડા પર સ્થાનિકોએ રેડ પાડી હતી. સ્થાનિકોએ બનાવેલા વીડિયોમાં ઠેર ઠેર દારૂની પોટલીઓ જોવા મળી રહી છે. એટલું જ નહીં, બુટલેગરો દારૂ પીવા માટે જગ્યા પણ આપતા હોવાનું જોવા મળ્યું છે.

# અમેરિકાથી અમદાવાદ આવતા ભાગેડું વીરેન્દ્ર પટેલ ૨૦ વર્ષે ઝડપાયો

અમદાવાદ,તા.૩૦

કહેવાય છે કે, 'કાનૂન કે હાથ લંબે હોતે હૈ' આ વાતને સાર્થક કરતી ઘટના સામે આવી છે. બે દાયકાથી વોન્ટેડ આરોપી પકડાયો છે. CBIએ ભાગેડું ઠગ બેંકર વિરેન્દ્ર પટેલની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેણે ૭૭ કરોડની છેતરપિંડી કરી હતી અને જે બાદ તે ફરાર થયો હતો. છેલ્લા ૨૦ વર્ષથી ફરાર આરોપી



અંતે પોલીસ પકડમાં આવી ગયો છે. ભાગેડું ઠગ બેંકર વીરેન્દ્ર પટેલની સીબીઆઈએ ધરપકડ કરી છે. વિદેશથી પરત આવતા આરોપીને અમદાવાદ એરપોર્ટ પરથી પકડી લેવાયો હતો. આરોપી વીરેન્દ્ર પટેલ આણંદમાં ચરોતર નાગરિક સહકારી બેંકમાં ડિરેક્ટર હતો. આરોપીએ બેંકમાં ૭૭ કરોડની નાણાકીય છેતરપિંડી કરી હતી. વર્ષ ૨૦૦૨માં વીરેન્દ્ર પટેલ સામે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બનાવટી દસ્તાવેજો અને છેતરપિંડી સહિતની કલમ

**વિવિધ ચેનલના માધ્યમથી આરોપીની કડી મળતા પોલીસે દબોચ્યો**

હેઠળ પોલીસે ગુનો નોંધ્યો હતો. સીબીઆઈએ વર્ષ ૨૦૦૪માં આરોપી વીરેન્દ્ર પટેલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરી હતી. ઈન્ટરપોલની વિવિધ ચેનલના માધ્યમથી આરોપીની કડી મળતા અંતે પોલીસે આરોપીને દબોચી લીધો છે.










